# અધ્યાત્મ



વર્ષ : ૧૧ સપ્ટેમ્બર–૧૯૯૧ અંક : ૧૨

## * લવાજમ મોકલાવે *

'અધ્યાત્મ' માસિક તેના ૧૧ વર્ષ સપ્ટે. ૯૧ માં પૂરા કરે છે. તેથી જેઓ ઓક્ટો. ૯૦ થી વાર્ષિક ગ્રાહક થયા હોય તેઓનું લવાજમ આ મહિને પૂરું થાય છે. તો તેઓને પોતાનું લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલાવવા વિનંતી છે.

નારાયણ હ. જાની
તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી.,
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

વિશેષમાં જેઓ વડોદરા, અમદાવાદ, સુરત, મોરબી, મુંબઇ, રાજકોટ વગેરે કેન્દ્રો મારફત ગ્રાહક થયા હોય, તેઓ જે તે કેન્દ્રો મારફતે પોતાનું લવાજમ મોકલાવે તેવી વિનંતી છે.

પરદેશના ગ્રાહકો પણ પોતાનું લવાજમ ૩૦ સપ્ટે. ૯૧ સુધીમાં પહોંચે તેમ મોકલાવે.

ભારતમાં વાર્ષિક લવાજમ ચેકથી સ્વીકારમાં આવતું નથી, કારણકે આઉટ સ્ટેશનોના ચેકો ઉપર ઓછામાં ઓછું રૂા. ૧૦ નું કમિશન લાગતું હોય છે. તો ડ્રાફ્ટથી લવાજમ મોકલાવવા વિનંતિ છે.

### પત્રલેખન અંગે માર્ગદર્શન

પૂ. મા હાલ વિદેશમાં અમેરિકા, કેનેડા વગેરે દેશોની યાત્રા ઉપર છે. જેમને પૂ. માને પત્ર લખવો હોય તે તંત્રી અધ્યાત્મને પત્ર લખી તે સંબંધે માર્ગદર્શન મેળવી શકે છે.

તંત્રી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| પૂ. માના સાન્નિધ્યમાં મારી ભારતયાત્રા | જયંતી પટેલ | ૧૨ |
| કબીર સુધા | ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી) | ૧૬ |
| પ પૂ. મહાત્માજીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૨૪ |
| સદ્‌ભાવભરી સહાય | — | ૩૨ |
| 'તો બસ છે' | દક્ષેશ કોન્ટ્રેક્ટર | ૩૫ |
| શ્રી શ્રી મા આનંદમયીના જન્મ વિષેની રસપ્રદ માહિતી | રણધીર ઉપાધ્યાય | ૩૭ |
| पंगुम् लंघयते गिरिम् । | નારાયણ હ. જાની | ૪૩ |
| કેવો હશે? | પ્રો. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્) | ૫૩ |
| માતૃદર્શનનો મહોત્સવ–૨ | ગોરધનભાઇ કલોલા | ૫૦ |
| શ્રદ્ધા અને વિશ્વાસ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૫૯ |
| કેમ કરી મન માને | ડો. રણજિત પટેલ (અનામી) | ૬૪ |



સપ્ટેમ્બર : ૧૯૯૧


# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી


વર્ષ : ૧૧ સપ્ટેમ્બર–૧૯૯૧ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત


મા સર્વેશ્વરી


**કારતક સુદ ત્રીજ, ૨૦૩૭ સોમવાર, તા. ૧૦–૧૧–૮૦**

આજે સવારે મીરાતપૂર કતરાના નહેર પાસેના રેસ્ટહાઉસ (નિરીક્ષણ ભવન)માં વિશ્રામ કરી વિદાય થયા. સીતાપુર થઇ લખનૌના માર્ગે આગળ વધવાનું હતું. સીતાપુરમાં વૈષ્ણવ ભોજનાલયમાં ભોજન લીધું. એ ભોજન ન હતું. કોઇપણ જાતના સ્વાદ વિનાનું, ઠેકાણા વિનાનું એ ખાવાનું હતું. કોઇને જ સંતોષ ન થયો. સીતાપુરની બહાર એક ખેતરમાં પૂ. શ્રીનો પત્ર લખતાં ફોટો પાડયો. પછી આરામ કર્યો. માર્ગમાં આજે સવારે દક્ષિણેશ્વર જવાની વાતો થઇ. જગદંબાના આદેશ મુજબ એ અંગે વિચાર થશે, એવી પણ વાતો થઇ.

ગઇકાલે ભોજન બાદ માર્ગમાં ચાલુ મુસાફરીએ નારદ-

ભક્તિસૂત્રનાં બે સૂત્રો સમજાવતાં પૂ. શ્રીએ કહ્યું:–

"પરમાત્મામાં પ્રેમ પ્રગટે તે જ ભક્તિ ગણાય. કોઈને મૂળામાં, કોઈને કેળામાં, કોઈને ધનમાં, કોઈને સ્ત્રીમાં પ્રેમ પ્રગટે તો તે પ્રેમ ભક્તિ ન ગણાય. પરમાત્મામાં પ્રેમ થવો તે ભક્તિ."

"તે ભક્તિ પ્રેમસ્વરૂપ છે. તે ભક્તિ અમૃતમય છે. મૃત શરીર ઉપર પાણી છાંટતાં જીવન આવે એ રીતે મૃતઃપ્રાય જીવનમાં ભક્તિનો છંટકાવ થતાં નવજીવન મળે છે."

પ્રશ્નઃ–હા, પરન્તુ પાત્રતા વિના ભક્તિ શું કાર્ય કરી શકે?

પૂ. શ્રીઃ–પાત્રતા તો ધીરે ધીરે આવી જાય, ભક્તિ પ્રગટ થતાં થતાં ધીરે ધીરે પાત્રતા વધતી જાય.

અમૃત જે મૃત થતું નથી. તેવી અમૃતસ્વરૂપ ભક્તિ છે. ભક્તિ જાગતાં જ માનવ અમર બની જાય છે.

"હવે દરરોજ પૂ. શ્રી આ રીતે નારદભક્તિસૂત્રનાં સૂત્રો ચાલુ યાત્રાએ સમજાવીશ," એમ સર્વેશ્વરીની માંગણી અંગે કહે છે,

"ગઈકાલના મીરાતપુર કતરાના નિરીક્ષણભવનમાં વાતાવરણ પવિત્ર હતું, જેથી સૂક્ષ્મરીતે માસ્ટર મહાશય જેવા મહાપુરુષને આવવાનું બન્યું."

"માસ્ટર મહાશયનું શરીર દિવ્ય હતું, દાઢી ન હતી. એવા એ દિવ્ય મહાપુરુષ અમારી સાથે આવી ગયા." પૂ. શ્રીએ કહ્યું, "આખી રાત અહીં જ રહ્યા. સવારે સાડા છ વાગ્યે તેઓ વિદાય થયા."

તો સાચે જ એ મહાપુરુષ આવ્યા હતા? સાધકોને આધ્યાત્મિક રીતે કંઈ ઉપયોગી થયા કે કેમ?



સવારે જ અમારા યાત્રિકોમાંના એક ભાઈ શ્રી મોહનલાલે કહ્યું, 'આજે ૧૧ા વાગ્યે કોઈક જાણે ઉઠાડતું હોય એવું લાગ્યું. વળી બીજીવાર ફરી ઉઠાડીને માળા કરાવી. સવારે ૬ા સુધી જપ કરાવ્યા.

પૂ. શ્રીએ એ વાત જાણી ત્યારે કહ્યું કે માસ્ટર મહાશય સિવાય તમને કોણ જગાડે? એ મહાપુરુષની જ શક્તિએ એ કામ કર્યું. આજે સવારે સાડા છ વાગ્યે તેઓ મારી પાસેથી વિદાય થયા.

સૂક્ષ્મદેહધારી સંતોને આ મહાપુરુષ પોતાની કઠોર સાધનાથી હાજર કરી શકે. એ અનુભવવા મળ્યું. આ અગાઉ દક્ષિણની યાત્રામાં સ્વામી વિવેકાનંદને, કપૂરામાં સંત કબીર સાહેબને હાજર કરી વાર્તાલાપ થયો હતો. જેથી આ પ્રસંગ સર્વેશ્વરી માટે નવો ન હતો.

આજે સીતાપુરથી આગળ લખનૌ થઈ બાંકાબંઠીમાં વિશ્રામ થયો.

શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિનો ભાવાર્થ પૂ. શ્રીએ સમજાવ્યો. પછી તે સ્તુતિ શાંતિભાઈ પાસે બોલાવે છે.

આ રહ્યો આજના સત્સંગનો વાર્તાલાપ:–

"ગુણોના ભંડારરૂપ તમારા ચરણકમળને હું રાતદિવસ પ્રેમપૂર્વક ભજી શકતો નથી. મોહથી ખેંચાયેલો હોવાથી હું ભજી શકતો નથી. તેથી મારે માટે તમે જ આધાર છો. હું તમારે શરણે આવ્યો છું.

આવાગમનનું ચક્ર પૂર્ણ થાય, આ બધું બોલવામાં છે પણ હૃદયમાં ઉતરેલું નથી. તેથી તમારે શરણે આવ્યો છું.

તમારામાં ભક્તિભાવ કે પ્રેમ કરે તો તે તમોગુણથી તરે, તૃષ્ણાથી મુક્તિ મેળવે, તમારા ચરણો મૃત્યુનાશક, તરંગનાશક છે, જેથી તમારે શરણે આવ્યો છું."

"તમારું નામ પવિત્ર, પરમ છે. તે પાપને સત્કર્મમાં બદલી નાખે તેવું છે. હું શરણ વિનાનો છું માટે તમારે શરણે આવ્યો છું."

એ પછી પૂ. શ્રીએ દેવપ્રયાગની કુટિયા જોયા પછી કેવો ભાવ થયો તેનો અહેવાલ શ્રી બાબુભાઈને આપવાનું કહે છે. તેથી શ્રી બાબુભાઈએ દેવપ્રયાગની કુટિયાની વાતો કરી.

શ્રી બાબુભાઈના એ વાર્તાલાપના અનુસંધાનમાં પૂ. શ્રીએ મૌનીબાબા (નિત્યાનંદના શિષ્ય)ની વાતો કરી. વળી પૂ. શ્રીએ કહ્યું, કે શરીર ઉપર દોઢવારનો ટૂકડો ઉપર ને નીચે દોઢવારનો ટૂકડો ખાદીનો એ પોશાક. વાંચન બંધ. ધ્યાનમાં જ સમય પસાર કરવો, એ કાર્યક્રમ હતો. દેવપ્રયાગમાં ગયો ત્યારે એક થેલી, ગીતા, પેન્સીલ, ૧ાા રૂ. વાળી શેત્રુજી, ૧ ધોતીયું પહેરેલું. તે જ. તે પણ પાછળથી આપી દીધેલું. નાના ટૂકડા જ વીંટતા. બોર્ડીંગમાં શેત્રંજી ઉપર જ સૂવાની ટેવ, ઠંડા પાણીએ સ્નાનની ટેવ પાડેલી જ હતી. વ્યાયામની ટેવ હતી. થોડી જ જગ્યામાં કામ કરવાની ટેવ છોડવી ન જોઈએ. પહેલાં કુટિયા નીચે જ હતી. બે–ત્રણ વરસ પછી ઉપર પણ એક ભાગ શ્રીચક્રધર જોષીએ બનાવ્યો. વગેરે.

આજે આ શહેરનું નામ બારાબંકી છે. એ નામ ઉપરથી પૂ. શ્રીએ રાંકા ને બાંકા નામના ભક્તોની વાત કરી. વળી માર્ગમાં નારદભક્તિ સૂત્ર સમજાવતા ગયા. નારદભક્તિ સૂત્રનો અર્થઃ–



"ભક્તિથી સિદ્ધ થવાય છે. સિદ્ધ એટલે શું? જેમ ખીચડી ચઢી જાય, સીજી જાય પછી કોઈ અવાજ થતો નથી, તેમ મન, વચન, ઇન્દ્રિય ઉપર કાબૂ આવી જાય. પરમાત્માની કૃપા થાય. માનવ વધુ ને વધુ નમ્ર બનતો જાય તે સિદ્ધ થયો ગણાય."

ભક્તિઃ અમૃતા ભવતિઃ ભક્તિથી ભક્તનું જીવન મધુમય બને છે. રાગ–દ્વેષ, અહંકાર, ઈર્ષા વિનાનું મીઠું–મધુર બની જાય છે.

ભક્તિઃ તુષ્ટા ભવતિઃ ભક્તિથી ભક્તમાં સંતોષ પ્રગટે છે. કેવો સંતોષ? કેવી તૃપ્તિ?

જેમ બે રૂપિયાની નોકરીવાળાને બે લાખ રૂા. મળી જાય તો તે બોલી ઉઠે છે હાશ. એવી તૃપ્તિ થઈ જાય છે.

જેમ સંસારથી તૃપ્તને સંતની શીતળ છાયા મળી જાય ને તે શીતળ છાયામાં વળી સત્સંગનું શીતળ જળ મળી જાય તો તેને હાશ થઈ જાય છે.

ભૂખ્યાંને ભાવતું ભોજન મળે અને તેમાંયે મનગમતું મિષ્ટાન્ન મળી જાય તો તેને કેવી હાશ થઈ જાય છે.

કોઈને વળી ભોજનમાં મૂળા મળી જાય તો હાશ થઈ જાય છે.

એવી તૃપ્તિ ભક્તને ભક્તિથી મળે છે. હવે કંઈ મેળવવા જેવું રહેતું નથી, એવો સંતોષ થઈ જાય.

ભક્તિથી મળનારી તૃપ્તિ ફક્ત મનની તૃપ્તિ નથી પણ આત્માની તૃપ્તિ છે. બીજી બધી તૃપ્તિઓ ક્ષણજીવી હોય છે, જ્યારે ભક્તિની તૃપ્તિ કાયમ માટે રહેનારી છે.

ભક્તિથી બધી સાંસારિક ઇચ્છાઓ શાંત બની જાય છે. ચિંતા રહેતી નથી. ભગવાનના જ દર્શનની ઇચ્છા રહે છે.

ભક્તિથી દ્વેષ થતો નથી. રાગદ્વેષ રહેતો નથી, નિર્મળતા આવે છે.

આજે રાતના ટૂંકા સત્સંગ બાદ શ્રી બાબુભાઇનો વાર્તાલાપ સાંભળી સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

**કારતક સુદ ૪, ૨૦૩૭ મંગળવાર, તા. ૧૧–૧૧–૮૦**

બારાબંકીથી નીકળી ફૈઝાબાદ થઇ અયોધ્યા આવી ગયા. અયોધ્યામાં બે ત્રણ મહત્ત્વનાં મંદિરો જોયાં.

વળી સરયૂ નદીને કાંઠે દર્શને ગયા. પાણી ખૂબ ગંદકી ભર્યું હતું જેથી સર્વેશ્વરીએ ફક્ત પોતાના પગ જ પાણીમાં મૂક્યા. જ્યારે પૂ. શ્રી કહે નદી ગમે તેવી લોકમાતા છે, એમ કહી પાણીથી પગ ધોઇ આચમન પણ લીધું.

સંતો પવિત્ર તીર્થસ્થાનોના મહિમાને વધારનારા છે તે જોવા મળ્યું.

અયોધ્યામાં હનુમાનજીના મંદિર પાસે જ એક નવું વૈષ્ણવ ભોજનાલય હતું. તેમાં સરસ ભોજન કર્યું.

ભોજનબાદ દરરોજની જેમ આરામનું સ્થળ શોધવા અલ્હાબાદથી ફૈઝાબાદ માર્ગે આગળ ચાલ્યા.

અમારા શ્રી શાંતિભાઇને પેટ્રોલ પુરાવવું જોઇએ એવો ખ્યાલ આવ્યો, પણ બે પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ન મળ્યું. જેથી જે થાય તે હવે સાઇઠ કીલોમીટર સુલતાનપુરા જ મળશે તો ભરાવીશું એમ નક્કી કરી એક શેરડીના ખેતરમાં આરામ માટે સૌ રોકાયા.



ગાડી રોડ ઉપર હતી. સૌ ખેતરમાં આરામ કરવા ગયા. રોડ ઉપર ગુજરાતની ગાડીનો નંબર વાંચી એક ભાઇ (જે અમદાવાદમાં જન્મ્યા, ભણ્યા અને નોકરી કરે છે જેનું વતન અહીં છે) ખેતરમાં મળવા આવ્યા, બેઠા, પેટ્રોલની વાત પૂછી તો તે ભાઇની સાથે એક ભાઇ હતા તેની સાથે એક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવી આવ્યા.

કેવી દૈવી મદદ મળી! વળી ખેતરમાં શેરડી થતી હતી. જેથી શેરડી પણ ખરીદવામાં તે ભાઇએ મદદ કરી.

ફૈઝાબાદથી આગળ સુલતાનપુરા તરફ ગાડી, આગળ વધી રહી હતી, ત્યારે પૂ. શ્રીએ પેટલાદના ચિન્મયાનંદની અને મેરઠના એક શેઠની વાતો કરી.

ગાડી ઝડપથી દોડી રહી હતી પણ ઓચિંતી ખરાબ જગ્યા આવવાથી છેક ધીમી પડી. પૂ. શ્રી તે જોઇને કહેવા લાગ્યા. સાધનાની ગાડી પુરપાટ જતી હોય ત્યાં નિંદા, ટીકા પ્રલોભનો અવળા વિચારો, રોગો ઘેરી વળે તો સાધકની ગાડી ધીમી થઇ જાય.

વળી પૂ. શ્રીએ નારદ ભક્તિસૂત્રની આગળની વ્યાખ્યા કરતાં કહ્યું:–

ભક્તિથી ભક્ત મસ્ત બને છે. પોતાનામાં જ મસ્તી અનુભવે છે. ભક્તિથી એક પ્રકારનો નશો જાગે છે. દુનિયાની પરવાહ રહેતી નથી. ભક્તિથી મનનો નિરોધ થાય છે.

આજે પ્રતાપગઢ વિલાના રેસ્ટહાઉસ નિરીક્ષણભવનમાં વિશ્રામ થયો.

ચોકીદાર ન હોવાથી એક કલાક પછી અહીં ઉતારો ગોઠવાયો. પછી પ્રાર્થના થઇ.

આજે પૂ. શ્રીએ ધ્યાન પછી "હે જગત્રાતા" ભજન ગવડાવ્યું, પણ સૌએ બરાબર ઝીલ્યું નહીં જેથી પૂ. શ્રી કહેવા લાગ્યા.

"હું તો પળેપળ પ્રાર્થના કર્યા કરું છું. અહીં તમારા-સૌ માટે જ પ્રાર્થના કરવામાં આવે છે, જેથી તમે ધીમે ધીમે બોલો તો કાલથી પ્રાર્થના જ બંધ કરવાનું યોગ્ય છે.

સાચો ઠપકો સાંભળી સહુ શરમાયા. પછી પ્રણામ કરી વિદાય લીધી.

**કારતક સુદ ૪ (બીજી), ૨૦૩૭ બુધવાર, તા. ૧૨-૧૧-૮૧**

આજે પ્રતાપગઢ બેલાથી સવારે ફરી અલ્હાબાદ ૯ા વાગે પહોંચી ગયા. અલ્હાબાદમાં પ્રવેશતાં જ એક પોલીસ ઇન્સ્પેક્ટર મળી ગયા. જેણે પ્રયાગરાજ ત્રિવેણીસંગમનો માર્ગ બતાવ્યો. તેથી સરળતા થઇ ગઇ.

જમના કિનારે પહોંચી ૧૮ રૂા. એક વ્યક્તિના સંગમ ઉપર જવા આવવાના નક્કી થયા. હોડીમાં બેઠા. સંગમસ્થળે પૂ. શ્રીએ માતાજીનો પાંચમો અસ્થિકુંભ વિસર્જીત કર્યો.

(૧) ભાવનગરના ઘોઘા સમુદ્રમાં, (૨) નર્મદા નદીમાં, (૩) ઋષિકેષ ગંગામાં, (૪) દેવપ્રયાગ સંગમમાં, (ભાગીરથીને અલકનંદાના, (૫) અલ્હાબાદ ત્રિવેણી સંગમ (ગંગા, યમુના, સરસ્વતી.)

દરેક અસ્થિવિસર્જન સમયે પૂ. શ્રી ખૂબ ભક્તિભાવથી, ગંભીરતાથી, મંત્રોચ્ચાર કરે છે. જાણે નદીઓના પાણીથી ધરતી



સસ્યશામલી બનાવ્યાની ભાવના સાથે પૂ. શ્રી અસ્થિવિસર્જન કરે છે.

અલ્હાબાદમાં ભોજન શુદ્ધ રીતે ન મળ્યું, જેથી અલ્હાબાદ છોડી જમનાનદીનો પૂલ પસાર કરી એક જમરૂખની વાડીમાં બપોરનો વિશ્રાસ કર્યો.

આજના વિશ્રામમાં નાસ્તો જ હતો. ત્રિવેણી ઘાટ ઉપર હોડીમાં નાસ્તામાં બેઠેલા યાત્રિકોના ફોટા લીધા. ત્યાંથી ત્રણ વાગ્યે ફરી યાત્રા શરુ કરી. અલ્હાબાદથી કારવી થઇ ફક્ત ૧૦ મિનિટના માર્ગે એટલે કે કારવીથી ૬ કે ૭ કીલોમીટરને અંતરે ચિત્રકૂટના પવિત્ર સ્થાનમાં સાંજે ૬.૩૦ વાગ્યે આવી ગયા!

આજે નાવમાં પૂ. શ્રીએ ભતૃહરિના વૈરાગ્યશતકના શ્લોકો સમજાવ્યા. ખૂબ આનંદ આવ્યો.

આજે જયપુરીમાં સ્મૃતિભવન સુંદર જગ્યામાં રાતનો વિશ્રામ થયો. ભોજન અહીં જ મળ્યું.

ચિત્રકૂટ, કામતગિરિ, મંદાકિની નદી, ચિત્રકૂટમાંથી જ નીકળે છે. અત્રિ અનસૂયાનો આશ્રમ પણ જોયો.

અત્રિના તપથી મંદાકિની પ્રગટી. વગેરે વાતો કરી. પૂ. શ્રીએ તુલસીદાસજીની અમૃતસરના વેદાંત સમેંલનની વાતો કરી.

સત્સંગ અને ભોજન બાદ આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

પૂ. માના સાન્નિધ્યમાં

# મારી ભારતયાત્રા (૨)

જયંતી પટેલ (ટોરેન્ટો, કેનેડા)

## શ્રી રામાયણ પારાયણ

પૂ. મા ભારતમાં રામાયણનું પારાયણ 'હરિદ્વાર' કરવાનાં હતાં એ હેતુથી પરદેશથી ઘણા બધા સાધક ભાઈબહેનો આવવાનાં હતાં. ભારતમાં આ સમય દરમ્યાન અયોધ્યામાં રામ મંદિર અને બાબરી મસ્જીદના પ્રશ્ને ઠેર ઠેર ધમાલ અને અવ્યવસ્થાના દાવાનળની ચિનગારી પ્રકટાવી હતી. પૂ. મા અશાંત વાતાવરણમાં પણ શાંત અને પ્રસન્ન હતાં. રામાયણનું પારાયણ કોઈ પણ સંજોગોમાં પૂર્ણ કરવું તેવો અડીખમ નિર્ણય તેમની નિર્ભયતાનો ખ્યાલ અપાવે છે. પ્રતિકૂળ સંજોગોમાં પૂ. માની તપસ્યાના બળે પ્રતિભા અનેક રીતે સોળે કળાએ ખીલી ઉઠે છે. તેમની કાર્યદક્ષતાનો વિજય સહજ રીતે તેમના મુખમંડળ પર જોવા મળે. વાતાવરણ અને દેશની અંધાધૂંધીભરી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પૂ. માએ ચાર દિવસ પહેલાં જ તેમનો રામાયણના પારાયણના સ્થળનો નિર્ણય હરિદ્વારને બદલે અલકાપુરીના ધીરજબાગમાં ભરત જીતુભાઈ ગાંધીના પટરાંગણમાં કરવાનો લઈ લે છે. પરદેશમાં બધાને ફોન કરી જણાવવું. ભારતમાં અમદાવાદ, સુરત, ભાવનગર, જામનગર, મોરબી, મુંબઈ વગેરે સ્થળોએ સમાચાર આપવા. આસમાનને બાથભીડવા જેવું હતું. છતાંય શાંત ચિત્તે પૂ. માએ કાર્યની વહેંચણી કરીને એ કામ એટલું બધું સરળતાથી ઉકેલી નાંખ્યું કે જાણે કંઈ જ બન્યું નથી.



ભારતના મોરબીથી માંડીને છેક પરદેશના પનામા સુધીના દરેકને સમાચાર મળી ગયા કે રામાયણનું પારાયણ વડોદરામાં અલકાપુરી–ધીરજબાગમાં રાખવામાં આવ્યું છે. ભારતના સમાચાર પત્રોમાં પણ રામાયણના પારાયણના સ્થળના ફેરફારની જાહેરાત આવી ગઈ. પરદેશથી આવેલા ભાઈઓ માટે રહેવાની–સુવાની–ખાવા–પીવાની બધી જ સગવડ ફક્ત બે જ દિવસમાં નાનકડા ભરત ગાંધીએ એટલી જ સુંદર રીતે કરી કે સર્વે આશ્ચર્ય ચકિત થઈ ગયાં! મને પોતાને પણ એમ લાગ્યું કે પૂ. યોગેશ્વર પ્રભુની અને પૂ. માની સંપૂર્ણ કૃપાદૃષ્ટિ આ બાળક પર ઉતરેલી છે. નહીં તો આટલા બધા પ્રતિકૂળ સંજોગોમાં આટલી ટૂંકી મુદતમાં પરદેશથી આવેલા એકલા જ નહીં પરંતુ વડોદરા સિવાય ભારતમાંથી આવેલા બધા સત્સંગી ભાઈ–બહેનોની સંપૂર્ણ વ્યવસ્થા કરવી એ તો ખરેખર લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી. છતાંય સહજ રીતે તે થઈ ગઈ. રામાયણનું પારાયણ તા. ૫–૧૧–૯૦ થી શરૂ થઈ ગયું.

પૂ. માએ પ્રથમ જ દિવસે રામાયણના પારાયણની વિશિષ્ટતા સમજાવી. કથા–આખ્યાન તો ઘણાં બધાં થાય છે, પરંતુ તેમાં કથાકાર કથા કહે છે આપણે સાંભળીએ છીએ. પરંતુ બધો સમય મન કથા સાંભળવામાં થોડું જ રહે! જ્યારે શ્રી યોગેશ્વરકૃત રામાયણપારાયણ એ એક એવી પ્રસાદી છે કે જેનો રસ કથા કરનાર અને કથા સાંભળનાર બન્નેને સરખો પ્રાપ્ત થાય છે. કથા સાંભળવા બેઠેલા બધાં ભાઈ બહેનો પણ કથા–ગાઈને કથા કરનારને સાંભળે છે ત્યારે તેમનું મન વધારે એકાગ્ર અને ધ્યાન મગ્ન રહે છે. જેથી કરીને રામકથાનો હેતુ સંપૂર્ણ સરે છે અને આપણે આપણા જીવનમાં રામના આદર્શો–લક્ષ્મણ, ભરત,

શત્રુઘ્નની આજ્ઞાપાલક વિચારસરણિ, અને હનુમાનની શ્રદ્ધા-ભક્તિથી ભરપૂર મૂક સેવાનું પારાયણ થતાં જીવનને સાચા માર્ગે લઇ જવા માટેના પ્રયત્નો કરવા પ્રેરણા પામીએ છીએ.

પૂ. મા રામાયણના પ્રસંગો બુલંદ અવાજે ગાઇને અતિ સુંદર રીતે સમજાવતાં. દરેકે દરેકને નાનાં બાળકોને પણ ઘણોજ રસ પડતો. વચ્ચે વચ્ચે ભજન–ધૂન થતાં અને ૧૧ મી તારીખે પૂર્ણાહુતિ થઇ ત્યાં સુધી કોઇને જરા પણ થાક પણ લાગ્યો નહતો. પરદેશથી આવેલા ભાઇઓ પલાંઠી વાળીને બેસવાનું બરાબર રીતે શીખી ગયા. રાત્રિઓ દરમ્યાન પૂ. મા–પૂ. ગુરુ-દેવની અવનવી વાતોની જાણકારી આપતાં. પૂ. નારાયણ કાકા–પૂ. ઈશ્વરભાઇ, ભોજાણી–કલ્યાણજી વગેરે પાસેથી ગુરુદેવના અવનવા પ્રસંગોની આપલે થતાં પૂ. મા સાથેની મારી યાત્રા ઘણી બધી રીતે લાભદાયી નીવડી.

પૂ. મા પોતાના શરીરને પુષ્કળ કષ્ટ આપતાં હતાં. પરંતુ મુખ–પર તેનો ભાસ થવા દેતાં ન હતાં. સુરીલા આવાજની મીઠાશ તા. ૫ મીથી ૧૨ મી સુધી એકધારી જ રહી. ૧૨ મી તારીખે પૂર્ણાહુતિને દિવસે સર્વેને આશ્ચર્ય ચકિત કરી દીધાં. હરિદ્વારથી આવેલું ગંગાજળ પૂ. માએ પોતાના હાથે દરેકને એટલું બધું છાંટયું કે ન પૂછો વાત!

પૂ. માના હાથમાંથી થતો ગંગાજળના છંટકાવનો જુસ્સો ભગવાન શંકરની જટામાંથી વહેતાં થયેલાં ગંગામાના પ્રવાહના જુસ્સા જેવો હતો. સર્વેએ સંપૂર્ણ ધન્યતા અનુભવી, અને બોલી ઉઠયાં કે "હે મા! તમારો મહિમા અપરંપાર છે. આજે તમોએ વાત્સલ્યના નિર્મળ પ્રેમમાં તરબોળ કરીને ગંગાનાં પવિત્ર નીરનો



તમારા વરદહસ્તે છંટકાવ કરીને અમારા જીવનને પવિત્ર કરવાનું મહાકાર્ય કરીને અમોને ધન્ય કરી દીધા. રામાયણના પારાયણનું પાન કરાવીને જીવનને આદર્શ બનાવવાનો તમારો સંદેશો અમારા મનમંદિરમાં ગુંજી રહ્યો છે. હે માવડી, તારા ઉપકાર ઘણા ભારી છે. હે પ્રભુ, આ હાથો દ્વારા પૂ. માના ઋણને અદા કરવાની શક્તિ આપજે. હે પ્રભુ અમારામાં સદ્બુદ્ધિનું પ્રદાન કરીને એવાં સત્કર્મો કરાવજે કે જેથી પૂ. માને હરહંમેશને માટે શાંતિ મળે અને પૂ. માનું મસ્તક ઊંચું રહે. પૃથ્વી પરના બધા જ બાળકોને સહજ રીતે સમજાઇ ગયું કે જ્યાં જ્યાં પૂ. માનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય ત્યાં ત્યાં અમારે મન ગંગા અને હરિદ્વાર છે."

**નવચંડી યજ્ઞ**

રામાયણની પૂર્ણાહુતિના બીજા દિવસે પૂ. માએ શ્રીમતી ભારતીબેનની વર્ષો પૂર્વેની ઇચ્છાને ધ્યાનમાં રાખીને શ્રી પંડિતજી-ની દોરવણી હેઠળ સુંદર મજાના નવ–ચંડી યજ્ઞનું આયોજન કરીને, સર્વેને આશ્ચર્ય ચકિત કરી દીધા. તો બીજી બાજુ ધીરજ-બાગના પટરાંગણમાં પૂ. માએ વડોદરા તેમ જ દેશપરદેશના સત્સંગી ભાઇ બહેનોને દર્શન આપીને રામાયણના પારાયણનો ઉપસંહાર સત્સંગ કર્યો. દિવસના અંતમાં નવચંડી યજ્ઞની પૂર્ણાહુતિ થતાં પૂ. માએ પોતાના સ્વહસ્તે નાળિયેર હોમીને દરેકે દરેક ભાઇ–બહેનોને ભસ્મનું તિલક કર્યું. રામાયણના પારાયણમાં ભાગ લેનાર દરેક ભાઇ બહેનોને પૂ. માએ શ્રી રાજુભાઇ શાહ તરફથી સ્ટીલના તાસ, જયંતીભાઇ તરફથી પૂ. માના વરદહસ્તનું સ્વરૂપ અને શ્રીમતી હંસાબેનની ઇચ્છાથી પૂ. મા–પૂ. યોગેશ્વર પ્રભુ અને પૂ. સાઇબાબાના વરદહસ્તવાળા સ્વરૂપોની વહેંચણી કરીને સૌને આનંદના મહાસાગરમાં ડૂબાડી દીધાં.

# કબીર સુધા

ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી)

( આશાવરી )

કબીર હરિરંગ લાગા હો !
તાસે મેરા મનકા ધોખા ભાગા હો ! –ધ્રુવ.

કોઈ કહે હરિ જોગી જંગમ
કોઈ કહે કહુ નાહિ
હમ તુમ દેખો હૃદિયા ભીતર
તુમ દેખો સબમાંહિ –૧

અલખ રૂપ ગુણ લિખા ન જાય
કિસબિધ ગાવત કોઈ ?
એક પલ મન દૃઢ કરી રાખો
તો નિશ્ચે દર્શન હોઈ ! –૨

સહજ સુનમેં રહની હમારી
તત્ત્વ દેખી મન લાગા
આપા મધ્યે આપ હિ દેખા
ઈસવિધ સંશય ભાગા –૩

કહત કબીરા એકમત પાયા
કાંયા નગર મોઝાર,
તુમ સાહેબ મૈં સેવક તોરે
તારન તરન મોરાર –૪



પ્રભુનો રંગ ક્યારે લાગે? એકમાત્ર પ્રભુની લગની લાગી જાય તે મનની કેવી અવસ્થા હશે? શું તે અવસ્થા આપોઆપ પ્રાપ્ત થાય છે? આવા અનેક પ્રશ્નો આ પદ વાંચીને સ્હેજે ઉદ્‌ભવશે.

આ અંગે વિચાર કરતાં આપણને તો તરત જ મીરાંબાઈ જ યાદ આવે. મહેલમાં રહ્યાં છતાં ય તેને પ્રભુનો રંગ લાગ્યો હતો. હાલતાં ચાલતાં તેને પ્રકાશનાં દર્શન થતાં. અરે, મંદિરે જતી તો મૂર્તિમાંથી પ્રકાશનાં કિરણો નીકળતાં હોય ને તે કિરણો તેનાં પોતાના શરીરમાં સમાય જતાં હોય તેવો તેને અલૌકિક અનુભવ પણ થયા કરતો. એટલે તેવા મનને સહેજે પ્રભુની લગની લાગે જ.

આપણા પ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. ઈશ્વર પેટલીકરને પૂ. મા સર્વેશ્વરીને ભજન ગાતાં સાંભળીને સાક્ષાત્ મીરાંનાં દર્શન થયેલાં. મા સર્વેશ્વરીની લગન મીરાંબાઈ જેટલી જ તીવ્રતમ હતી. વિદ્યાર્થી અવસ્થામાં તેમને પણ પ્રકાશનાં દર્શન થતાં. વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી તેમણે નોકરી કરતાં કરતાં રજાઓમાં પૂ. મોટાના મૌન મંદિરમાં અનેકવાર દિવસો સુધી તપશ્ચર્યા કરી હતી. તેમને પોતાના ગુરુદેવ પૂ. યોગેશ્વરજીના દેહમાં સાક્ષાત્ મોહન ગિરિધારીનાં દર્શન થતાં તે તો તેમનાં ભજનોમાં સરસ રીતે વ્યક્ત થયું જ છે. મનની એ અદ્‌ભુત અવસ્થા પુરુષાર્થ વિના પ્રાપ્ત થતી નથી એનો ઈશારો કબીર સાહેબે આ પદમાં પણ કર્યો જ છે :

'એક પલ મન દૃઢ કરી રાખો તો નિશ્ચે દર્શન હોય' આપણું ચંચળ મન એક પળમાટે પણ જો પોતાની ચંચળતા છોડીને સ્થિર થઈ શકે તો દર્શનની શક્યતા જરૂર ઊભી થાય. પણ ચંચળતા ઓછી થતી નથી તેની તો બધી રામાયણ છે !

ચીને ભારત પર ચઢાઇ કરેલી તે અરસામાં પંડિત જવાહરલાલ નહેરુ પ. પૂ. મા આનંદમયી પાસે મનની હળવાશનો અનુભવ કરવા પહોંચી ગયા હતા. એમ તો કમલા નહેરુને કારણે પંડિતજીને માનો પરિચય હતો. તેથી ક્યારેક તેમની પાસે જવાનું બનતું. પરંતુ આ વખતે પંડિતજીનું હૃદય ભારેખમ હતું. યુદ્ધને કારણે જવાબદારી મોટી ઉભી થઇ હતી. તેથી મનમાં અકળામણ ને ગૂંગળામણ અનુભવતા હતા. મુલાકાત વેળાએ 'આ ભાર ક્યારે હળવો થશે' એવો લાગણીભર્યો પ્રશ્ન કર્યો ત્યારે પૂ. મા આનંદમયીએ બહુ માર્મિક રીતે કહેલું : 'તમારી એક ક્ષણ શું મને આપી શકશો?' સાંભળીને પંડિતજી વિચાર કરતા થઇ ગયેલા! તેમણે જવાબમાં કહેલું : 'એક ક્ષણ પણ હું કેવી રીતે આપી શકું?' ત્યારે માએ સ્પષ્ટપણે જવાબ આપેલો કે તો તમારી મુસીબતનો કોઇ ઇલાજ ન થઇ શકે! મનની હળવાશ અનુભવવા માટે તો ચંચળ મનને સ્થિર કરવું જ પડે. ચંચળતા ઓછી કરવાનો પુરુષાર્થ પણ કાંઇ નાનોસૂનો તો ગણાય જ નહીં. સમય અને શક્તિ વિના તે શક્ય જ નથી! હા, કર્મના પુણ્યોદયે પ્રભુની કૃપા થાય અને સમર્થ સંતનો સંગ થઇ જાય તો ઘણી મોટી સહાય મળી જાય.

યાદ કરો અર્જુનની સ્થિતિનો. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં શ્રીકૃષ્ણને ફરિયાદ કરતાં કહ્યું જ છે :

સમતાનો આ યોગ જે કહ્યો તમે પ્રભુ હે,<br>
ચંચળતાને કારણે અશક્ય લાગે તે.<br>
મન ચંચલ બળવાન છે, જક્કી તેમ જ ખૂબ,<br>
વાયુ જેમ મુશ્કેલ છે તેનો સંયમ ખૂબ. (સરળગીતા અ. ૬)



શ્રીકૃષ્ણ અર્જુનના મત સાથે સહમત તો થાય છે પણ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તે શક્ય બને છે એવી અનુભવ વાણી ઉચ્ચારીને–

મનને ચંચલ છે કહ્યું, તે છે સત્ય ખરે,<br>
અભ્યાસ ને વૈરાગ્યથી યોગી કાબૂ કરે. (સરળગીતા અ. ૬)

અર્થાત્ ચંચળ મનને નાથવું ખૂબ મુશ્કેલ છે એ વાત સાચી પરંતુ અભ્યાસ ને વૈરાગ્યના સાધનથી યોગી પુરુષ મનને સંયમિત બનાવી શકે છે. પોતાની ઇચ્છા અનુસાર મન પર તે સત્તા ચલવી શકે છે. એટલે વાત તો સ્પષ્ટ થાય છે જ કે પુરુષાર્થ વિના મનની સ્થિરતા પ્રાપ્ત કરી શકાય નહિ.

અહીં ફરીથી રાજદરબારમાં રહેનારી મીરાંબાઇ યાદ આવે છે. તેને કેટલી બધી પ્રતિકૂળતા હતી અને છતાં તેણે પોતાના મનને એકમાત્ર પ્રભુમાં જ સ્થિર કરી દીધું હતું! અરે, મીરાંની વાતને તો સદીઓ વીતી ગઇ! આપણી વચ્ચે રહેનારા મા સર્વેશ્વરીને જ યાદ કરોને! તેઓ તો આચાર્યાના પદે બેઠેલાં હતાં. આચાર્યનો મોભો તો મોટો ગણાય. માન વૈભવ બંને મળે. અને છતાં તેમનું મન તો પ્રભુનાં દર્શન માટે ઝંખ્યા કરતું. કેટલા બધાં કપરા વ્રતનિયમોનું તેઓ નિયમિતપણે પાલન કરતાં! ૨૫૦ (અઢીસો) માળા કરીને જ પાણી પીવાનો નિયમ! કેટલીક વાર બબ્બે પાળીઓની જવાબદારી પણ સ્વીકારતાં! સવારે છ વાગ્યેથી રાતે નવ વાગ્યે ઘરે આવવાનું બનતું! પાણી વિના દિવસ પસાર થતો. રાતે અઢીસો માળાનો નિયમ પૂર્ણ કરીને જ સૂતા. જમવાનું તો ઘણે ભાગે મોકૂફ જ રહેતું! માત્ર પાશેર દૂધ ત્રણ મહીના સુધી લઇ તેમણે બીજાં અનેક વ્રતોનું પણ પાલન

કર્યું હતું. એવાં કઠીન વ્રતોની સાથે આચાર્યાની જવાબદારીમાં કોઈ બાંધછોડ નહીં! કોઈ દોષ કાઢી શકતું જ નહીં! જે વસ્તુ જે સમયે થવી જોઈએ તે થતી જ! કઠીન વ્રતતપના અભ્યાસથી તેમનું મન સંસાર પ્રત્યે ઉદાસીન થતું ગયું ને મન પ્રભુમાં જ લીન રહેવા લાગ્યું! અભ્યાસ અને વૈરાગ્યના આવા પુરુષાર્થથી તેમણે મનની કેટલી બધી અદ્‌ભુત અવસ્થા પ્રાપ્ત કરી કહેવાય!

કબીર સાહેબ કહે છે કે જ્યારે પ્રભુની લગની લાગે છે ત્યારે મનમાં ભ્રાંતિઓ ઘર કરી શકતી નથી. સામાન્ય અવસ્થામાં ભ્રાંતિઓ અનેક પ્રકારે સાધકને સતાવતી હોય છે. માત્ર પુસ્તક વાંચીને કોઈ પ્રભુને પામવાનો પુરુષાર્થ કરે તો તે સફળ નહિ થઈ શકે! પુસ્તકો વાંચવાથી ભ્રાંતિઓ કેવી રીતે દૂર થઈ શકે? આપણા છ શાસ્ત્રગ્રંથો પ્રભુને ભિન્ન ભિન્ન રીતે વર્ણવે છે ને તેને પ્રાપ્ત કરવાના વિભિન્ન માર્ગો સૂચવે છે. તેટલું વાંચીને તો સાધકનું મન ઉલટું વધારે ભ્રાંતિવાળું બની જતું હોય છે! કોઈ કહે સાકાર તો કોઈ કહે નિરાકાર. કોઈ કહે તે મંદિરમાં વસે તો કોઈ કહે તીર્થોમાં. કોઈ કહે હૃદયમાં તો કોઈ કહે કણકણમાં. કોઈ કહે કે તે પ્રકાશસ્વરૂપ છે તો કોઈ કહે તે સાવ શૂન્ય સ્વરૂપ છે. મન કોની વાત સાચી માનશે?

અહીં 'હમ' 'તુમ' શબ્દો ગ્રંથોના अहंब्रह्मास्मि ને तत्त्वमसि શબ્દોની યાદ અપાવે છે. "હું તે જ છું" એવો અનુભવ સાધકને અંતર્મુખ બની પોતાના હૃદયમાં ડૂબકી મારે ત્યારે થતો હોય છે. "તે તું જ છે" એવો અનુભવ ત્યારપછી શરીરની બહાર બધે સાધકને થઈ શકે છે. પરંતુ એમ વાંચવાથી કે કેવળ બોલવાથી બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. માત્ર પોથીની પંડિતાઈ પ્રભુ સુધી



પહોંચાડતી નથી. સાથે સાથે સાધનાની પણ આવશ્યકતા રહે છે તેની કબીર સાહેબ સૌને યાદ અપાવે છે. મન પાધરું હોય તો જ પ્રભુને અનુભવી શકે! ચંચળ મન પાધરું નથી રહેતું! તે અવળું સવળું થઈ પ્રભુને બદલે પદાર્થોની પ્રાપ્તિમાં ભૂલું પડે છે. તેનો આવો સ્વભાવ પ્રભુની પ્રાપ્તિમાં ઉપયોગી થઈ શકતો નથી. તેથી તેના સ્વભાવમાં પરિવર્તન આણવા કબીર સાહેબ કહે છે :

'એક પલ મન દૃઢ કરી રાખો તો નિશ્ચે દર્શન હોય' પદાર્થ વિષયોની પ્રાપ્તિમાં પરોવાયેલું મન સૌ પ્રથમ તો પ્રભુને યાદ કરતું જ નથી. વિપત્તિના વમળોમાં અટવાઈને હારેલું મન જ પ્રભુને યાદ કરે છે. વિપત્તિના વાદળો જેવાં પટે કે તરત જ તે મન પ્રભુ-ને બાજુએ મૂકી પોતાની અસલી ભાંજગડમાં પડી જાય છે. બહિર્મુખ મનની એવી પરિસ્થિતિમાં પરિવર્તન કર્મના પુણ્યોદયે થાય છે ખરું! જેમ જેમ તે અંતર્મુખ બનતું જાય છે તેમ તેમ તેને પ્રભુનો પરિચય થતો જાય છે. પરિચય થતાં પ્રેમ થશે એવો પરિચય ગાઢ બનશે જ. લગની લાગશે જ ને ભ્રાંતિઓ દૂર થશે જ! આધ્યાત્મિક જગતનું આ સત્ય ગીતા આ રીતે વ્યક્ત કરે છે :

મન આ ચંચલ જાય છે અનેક વિષયોમાંહિ
વાળી પાછું જોડવું તેને આત્મા માંહિ.
કરતાં એમ થઈ જશે મન આત્મામાં શાંત,
સુખ ઉત્તમ ત્યારે થશે, દોષ થશે સૌ શાંત.
રોજ કરે છે યોગ આ તે તો નિર્મલ થાય,
બ્રહ્મપ્રાપ્તિ સુખ પૂર્ણ તે પામી તેમાં ન્હાય. (સ. ગીતા. અ. ૬)

આ રીતે ધ્યાનયોગ દ્વારા મનની દૃઢતા વધારવાનો કીમિયો ગીતાના વચનોમાં રહેલો છે. આ પદમાં પણ કબીર સાહેબે એવો

જ ઉપદેશ આપ્યો છે. પદમાં વપરાયેલા શબ્દો 'એક પલ મન દૃઢ કરી રાખો,' 'સહેજ શૂન્યમેં,' 'તત્ત્વદેખી મન લાગા' અને 'આપા મધ્યે આપ હિ દેખા' ધ્યાનયોગનું જ સૂચન કરે છે. અહીં ધ્યાનયોગ એટલે આત્માનું અનુસંધાન કરાવનારી યૌગિક પ્રક્રિયા. તેથી કબીર સાહેબ કહે છે કે—

સહેજ શૂન્યમેં રહની હમારી
તત્ત્વદેખી મન લાગા
આપા મધ્યે આપ હિ દેખા
ઈસબિધ સંશય ભાગા.

સહજ શૂન્યની સ્થિતિ એટલે અહંકારરહિતતા. 'હું કરું છું' એ ભાવનાનો અંત. અહંકાર ઓગળતો જાય તેમ તેમ પ્રકાશનો અનુભવ થતો જાય છે, પ્રભુનો પરિચય વધતો જાય છે, શરીરથી ભિન્ન એક આત્મતત્ત્વ છે. તેવી પ્રતીતિ દૃઢ થતી જાય છે. અહંકારનો સમૂળગો નાશ થાય તે જ ઘડીયે આત્મતત્ત્વનાં દર્શન થાય છે. સૂર્ય ઉગે ને અંધારું ભાગે તેમ દર્શન થઇ જાય એટલે ભ્રાંતિઓ ભાગે જ.

આ પદમાં કબીર સાહેબ 'એકમત પાયા' શબ્દનો સમુચિત ઉપયોગ કરે છે. પ્રભુના અસ્તિત્વ માટે જગતમાં અનેક મતો પ્રવર્તે છે. તેથી સામાન્ય માનવીનું મન ગૂંચવણ અનુભવે છે. પરંતુ જ્યારે માનવ સાધક બને છે ત્યારે તે ધ્યાનયોગનો આશરો લઇ પોતાના અંતરમાં આત્મદેવરૂપી મોરારભગવાનની અનુભૂતિ કરે છે ત્યારે પ્રભુનાં સ્વરૂપના ઇતર ખ્યાલોનો આપોઆપ લોપ થઇ જાય છે. તે સ્થિતિનું વર્ણન કરવા માટે 'એકમત પાયા' શબ્દો કબીર સાહેબ પ્રયોજે છે. તે સ્થિતિમાં અહંકાર રહિતતા



હોવાથી સાધક આત્મદેવને પોતાના સ્વામી—ભગવાન—માને છે. તે નિશ્ચયાત્મક રીતે પોતે તરે ને બીજાને પણ તારે તેવા સમર્થ આત્મદેવ છે એવું માની તેની સેવાપૂજા કરે છે. આવી રીતે સાધકને પ્રભુનો રંગ લાગી જાય છે અને મનની અદ્ભુત અવસ્થામાં લીન રહી તે પરમ આનંદને માણ્યા કરે છે.

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્
IS:10001
ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

### પ. પૂ. મહાત્માજીના

# જન્મદિનની ઉજવણી

તંત્રી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરની ઇકોતેરમી જન્મ જયંતીની ઉજવણી અમદાવાદના હાઇકોર્ટ રોડ પાસેના દેવેન્દ્રવિજય હોલ-માં તા. ૧૫-૮-૯૧ ના રોજ થઇ. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે આ ઉજવણીનું સરસ આયોજન કર્યું.

આ પ્રસંગે પૂ. મા શ્રી સર્વેશ્વરી એ નોર્થ બરગન (અમેરિકાથી) ખાસ સંદેશ ટેલિફોન ઉપર આપેલ તે મેગાફોન ઉપર ઝીલીને તેની કેસેટ શ્રી પ્રકાશભાઇ ભટ્ટ મુંબઇથી લાવેલ. ઉપસ્થિત સાધક ભાઇબહેનોને તે સંભળાવવામાં આવેલ.

પૂ. માના સંદેશાનો સાર નીચે પ્રમાણે હતો.

પ્રભુનાં કાર્ય કરવા સંતો પૃથ્વી પર પધારતા રહે છે. જેમને આવા સંત મળી જાય અને તેમનામાં જો અખંડ અને અડગ શ્રદ્ધા થઇ જાય તો સાધકનું જીવન ધન્ય બની જાય છે. આપણા જીવનમાં પણ શ્રી યોગેશ્વરજી જેવા એક મહાન સંતપુરુષ આવ્યા. તેઓ પૃથ્વી પર પધારી પોતાનું યુગકાર્ય કરી વિદાય થઇ ગયા.

આપણે આજે એ મહાપુરુષના જન્મદિનને ઉજવવા ભેગા થયા છીએ. તેઓ ખરેજ દિવ્યશક્તિથી સંપન્ન એક અવતારી મહાપુરુષ હતા. મનુષ્યો વચ્ચે કાર્ય કરવું હોય એટલે માણસનું રૂપ ધારણ કરી આવવું પડે. એટલે તેઓ તે રીતે પધાર્યા.



આ વખતે અમે મુંબઇમાં (જુલાઇ, ૯૧ માં) હતાં ત્યારે એક અણધારી અદ્ભુત ઘટના બની.

શ્રી મોહનલાલને પૂ. શ્રીમાં અનન્ય શ્રદ્ધા. તેઓની ભયંકર બિમારીમાં પણ પૂ. યોગેશ્વરજીએ તેમને ફૂલની જેમ સાચવ્યા. એની વિગતે વાત શ્રી નારાયણભાઇ જાની કહેશે.

શ્રી સુશીલાબેન પૂ. શ્રી યોગેશ્વરજી રચિત પેલું ભજન તો ગાતાં:–

સર્વ સમર્થ તમે છો અમને ચિન્તા શાની હોય.

પરંતુ આ શબ્દોમાં વર્ણવેલ પ્રભુની સર્વ સમર્થતાનો અનુભવ કરવાનું તેમના જીવનમાં આ માંદગીના પ્રસંગે આવ્યું, એમને પ્રભુએ ખાત્રી કરાવી કે ભલે તેઓ ભૌતિક સ્વરૂપે આ પૃથ્વી પર ન હોય છતાં તેઓ સર્વકાંઇ કરવા સમર્થ છે. પરંતુ તે અનુભવવા માટે શ્રદ્ધા અને સમર્પણ જોઇએ.

કેટલીકવાર આપણને થાય કે પોતે આવા સમર્થ હતા તો આપણને ચમત્કાર કેમ ન બતાવ્યા? મહાભારતમાં ભગવાન સૂર્યનારાયણ કુંતા માતા પાસે આવે છે. પરંતુ જો તેઓ પોતાની દિવ્ય શક્તિ સાથે પધારે તો શ્રી કુન્તા માતા તેમના તેજથી શું દાઝી ન જાય? એટલે એમને માણસનું રૂપ ધારણ કરીને આવવું પડે. તો જ તેઓ આપણી સાથે ભળી શકે. પરંતુ પ્રસંગ આવતાં તેઓનું અવતારીપણું પ્રકટ કરી બતાવે.

એટલે અમારી સર્વે સાધક ભાઇબહેનોને વિનંતિ છે કે તે મહાપુરુષને શ્રદ્ધાભક્તિથી વળગી રહીએ. એ પ્રભુનું ગમે તે સ્વરૂપ તમારી પાસે હોય–મૂર્તિ, ફોટો કે ચાંદીનું, પરંતુ "તેઓ

એમાં છે જ" એવો ભાવ ને શ્રદ્ધા રાખી એમને ભજીએ, પૂજા કરીએ તો તે મૂર્તિમાંથી અવશ્ય પ્રકટ થશે. એટલે જરૂર છે ખૂબ શ્રદ્ધાભક્તિથી આપણે એમને ભજવાની.

આ પ્રસંગે જે કોઇ સાધક ભાઇબહેનો આવ્યાં હોય અને ઇચ્છા હોવા છતાં જે ન આવી શક્યાં હોય તે સહુને અમારી શુભકામનાઓ પાઠવીએ છીએ.

વૈજ્ઞાનિક સાધનો વડે ઘણે દૂર હોવા છતાં આજે અમે અહીં સુધી આવી પહોંચ્યાં છીએ. એટલે એ મહાપુરુષની અમૃતવાણીને સમજવા પ્રયત્ન કરીએ અને જીવનમાં ઉતારીએ."

આ પ્રસંગે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પાતંજલ યોગદર્શનના ગુજરાત યુનિવર્સિટીમાં આપેલ પ્રવચનોમાંથી ક્રિયા-યોગ ઉપરના પ્રવચનની કેસેટ મૂકવામાં આવી હતી; જેનો મુખ્યત્વે સાર આ પ્રમાણે હતો:–

તપનું મૂળભૂત પ્રયોજન તો આપણી જાત ઉપર સંયમ રાખી, શરીરને પોતાના અધિકારમાં લાવવાનું છે.

આ અધિકાર સ્થાપવામાં મદદરૂપ થાય તેવી બીજી ક્રિયા સ્વાધ્યાયની છે. આજે આપણે સ્વાધ્યાયનો અર્થ ક્ષુલ્લક ને ઉપર છલ્લો કરીએ છીએ. ધાર્મિક પુસ્તકોનું વાંચન કે રોજના સ્તોત્રપાઠ ને પૂજાની ક્રિયાને આજે સ્વાધ્યાયમાં ખપાવવામાં આવે છે, આ બધી બાહ્યક્રિયાઓ છે. પરંતુ સ્વાધ્યાયનો સાચો અર્થ તો મનુષ્યના શરીરમાં રહેલ 'સ્વ' એટલે આત્માના અધ્યયનનો છે. આત્મિક ચિંતન મનનનો છે. એને આવી બાહ્ય પ્રવૃત્તિઓ સાથે બહુ લેવાદેવા નથી. સાચી વાત તો એ છે કે પોતામાં જે ચેતનશક્તિ રહેલી છે, તેને ઓળખી તે પ્રતિ માણસે આગળ વધવાનું છે.



પુસ્તકોનું વાંચન કે વિધિવિધાનોનું આચરણ જો છેવટે અંદરના 'સ્વ'ને પહોંચવામાં મદદરૂપ થાય એમ હોય તો તે ઠીક છે.

ક્રિયાયોગમાં જે ત્રીજી વસ્તુની આવશ્યકતા દર્શાવી છે તે ઈશ્વરપ્રણિધાનની છે. ક્રિયાયોગનું સૂત્ર આ પ્રમાણે છે. "તપ–સ્વાધ્યાય–ઈશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ।" આ ઈશ્વરપ્રણિધાન એટલે બીજું કંઇ નહિ પણ ઈસ્વરની ભક્તિ છે. પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર એ શ્રદ્ધા છે. એટલે એનામાં વિશ્વાસ રાખવો, એની સર્વસમર્થતા સમજી એને સર્વ સમર્પણ કરવું તે ઈશ્વર-પ્રણિધાન કહેવાય.

આપણા શરીરમાં રહેલાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ ઉપર શાસન કરનારી શક્તિ તે આત્મા છે, પરંતુ એ જ શક્તિ જ્યારે શરીરથી બહાર કામ કરતી હોય છે ત્યારે પરમાત્મા રૂપે જ રહેલી છે. આ આખું જગત ઈશ્વરથી વ્યાપ્ત છે, તેમાં તેનું દર્શન કરવું ને અંદર રહેલા આત્માને ઓળખવાથી સનાતન શાન્તિની પ્રાપ્તિ થાય છે.

આવી શાન્તિનો આંશિક અનુભવ સદાચારી ને સાત્ત્વિક જીવન જીવવાથી તેમ જ બીજાઓને સુખ અને શાન્તિ પહોંચાડ-વાનો પ્રયાસ પુરવાથી પણ થાય છે.

આ ઉપરાંત કુંડલિની શક્તિ વિષે પણ તેઓએ સમજ આપી હતી.

પૂ. શ્રીના ટેપ પ્રવચન પછી પૂ. માની સૂચના પ્રમાણે શ્રી નારાયણભાઇ જાનીએ શ્રી મોહનલાલ ભક્તના વ્યાધિની વિગતે વાત કરી, કેવી અદ્‌ભુત રીતે એમનો બચાવ થયો તે જણાવ્યું હતું. (આ અંકમાં બીજે તે વિગતે મુકેલ છે.)

શ્રી ઈશ્વરભાઈ ભક્તે પૂ. મહાત્માજીમાં તેઓએ જે સર્વોત્તમ ગુણો જોયેલા તે વર્ણવી, તેઓને અમેરિકામાં જે સંદેશ આપેલ તેની વાત કરી. પૂ. શ્રીએ તેઓને કહેલા શબ્દો આ હતા. "ખૂબ ફરજો ને મન ખુલ્લુ રાખજો." ફરવાથી માણસ અનેકોના સંપર્કમાં આવી શકે છે ને જો મન ખુલ્લુ રાખે તો ઘણું નવું પામી શકે છે.

શ્રી ગોરધનભાઈ કલોલાએ પૂ. શ્રીના જીવનમાં જોયેલ એક મહામાનવના વ્યવહારના પ્રસંગો કહ્યા હતા. સમાપન કરતાં કહ્યું હતું કે તેઓ એક એવા સંપૂર્ણમાનવ હતા જેમના જીવનવ્યવહારમાં કોઈ નાની સરખી ક્ષતિ પણ ન જણાય.

શ્રી બાબુભાઈ વોરાએ પૂ. શ્રી આજે પણ કેવી અદ્‌ભુત રીતે તેઓની સંભાળ રાખે છે તે વર્ણવતાં કહ્યું કે છેલ્લા કેટલાય મહિનાઓથી મારાં પત્નીને તાવ આવતો. ઘણી બધી દવાઓ કરી. ફેર ન જ પડે. આખરે મેં તેઓને પ્રાર્થના કરી તો એક રાતે સ્વપ્નમાં આવી મને એક આયુર્વેદની દવાની દુકાનમાં લઈ ગયા. ત્યાં એક સાત નંબર શીશી બતાવી. બીજે દિવસે તપાસ કરતાં તે સુદર્શન ઘનવટી માલુમ પડી. અને તે લેવાથી મારાં પત્નીનો તાવ ઉતરી ગયો.

વળી તા. ૧૫ મીએ હોલ મેળવવામાં ઘણી બધી મુશ્કેલીઓ હતી. તેનો કેવો સુખદ ઉકેલ આણી આપ્યો તેની વાત પણ કરી. વડોદરાના સ્વામીજીએ તેમ જ ડો. અશ્વિનભાઈ પટેલે પણ પૂ. શ્રીના કૃપા પ્રસંગો વર્ણવ્યા હતા.

આ પ્રસંગે પૂ. શ્રી ને પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોનું પૂજન શ્રી વિજયભાઈ પુરોહિત (પંડિતે) કરાવ્યું હતું. શ્રી બાબુભાઈ ને મધુબેને પૂજન કર્યું હતું. જ્યારે ભજન અને ધૂન શ્રી



કપિલાબેન શાહ અને શ્રી રંજનબેન ઠાકરે રજુ કર્યાં હતું. તેમાં શ્રી કેતન ઠાકરે પોતાનાં નવાં વાજીંત્રોથી સાથ પૂરાવ્યો હતો. શ્રી બંસીભાઈએ પણ–

"ગુરુબીન ઔષધિ કૌન પીલાવે,
વિષય વિષમ જ્વર અતિ ગભરાવે.
તૃષ્ણા પ્યાસ બઢાવે" –ગુરુબીન

–સરસ રીતે ગાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઈ ભોજાણીએ કર્યું હતું.

આજના પ્રસંગે ઉપસ્થિત રહેનાર સહુ સાધકો માટે સરસ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. અમદાવાદમાં આજે રીક્ષાની હડતાલ હોવા છતાં સાધકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

શ્રી વિનુભાઈ અમીને અમદાવાદના સહુ સાધકોનો પ્રતિકૂળ સંજોગોમાં પણ સરસ વ્યવસ્થા કરવા બદલ સહુ વતી આભાર માન્યો હતો.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦

## આવો, આ વર્ષે વૃક્ષારોપણનું લોક–અભિયાન સફળ બનાવીએ

* ગુજરાતને હરિયાળું રાજ્ય બનાવવા આ વર્ષે સઘન વૃક્ષારોપણ કાર્યક્રમને વ્યાપક લોક–અભિયાનરૂપે હાથ ધરવામાં આવશે.

* પર્યાવરણની સુરક્ષા માટે જાગૃત ગુજરાતનો એકેએક નાગરિક વૃક્ષ–ઉછેરની પ્રક્રિયામાં જોડાય એ હેતુથી "પ્રત્યેક પરિવાર ઓછામાં ઓછું એક વૃક્ષ ઉછેરે" એવો આપણો સંકલ્પ પાર પાડીએ.

* જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં રસ્તા, રેલવે–નહેરોની બંને બાજુએ, ખેતરો, તળાવો, કૂવાઓના કાંઠે, ગામની પડતર અને ગોચર જમીનોમાં, શાળા–કોલેજો અને રમત–ગમતોનાં પટાંગણોની સરહદી વાડોમાં આપણે વૃક્ષો વાવીએ અને ઉછેરીએ.

* શાળા–કોલેજોના વિદ્યાર્થીઓ, યુવક–યુવતીઓ, પંચાયતો, ખેડૂતો, ઉદ્યોગગૃહો અને સ્વૈચ્છિક–સામાજિક સંગઠનો સૌ કોઇ વ્યક્તિગત અને સામૂહિક રીતે વૃક્ષ–ઉછેરના કાર્યક્રમમાં જોડાય એવી હું જાહેર અપીલ કરું છું.

વપન/૧૯૯૧/ગ. **ચીમનભાઇ પટેલ**

માહિતી મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

## અમર રહે રાષ્ટ્રની આઝાદી
## સુખ સમૃદ્ધિ એ જ આબાદી

**'નયા ગુજરાત'ના નિર્માણ માટે અવિરત પુરુષાર્થની યશસ્વી ઝલક**

મુખ્યમંત્રી શ્રી ચીમનભાઇ પટેલના ગતિશીલ અને દૃઢ નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે અનેક વિધ પડકારો ઝીલતાં રહીને "નયા ગુજરાત"ના સંકલ્પને પાર પાડવા અવિરત પુરુષાર્થ હાથ ધર્યો છે. આ સંકલ્પ માત્ર ભૌતિક વિકાસ પૂરતો સીમિત નથી. ગુજરાતના સર્વાંગી વિકાસ આડેના અવરોધો દૂર કરવા. વણઉકલી વિકાસલક્ષી સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને વણવપરાયેલા કુદરતી સ્રોતો તથા વિશાળ માનવશક્તિનો વિનિયોગ કરીને આયોજિત વિકાસને નવો મોડ આપવામાં આવ્યો છે. ગરીબી અને બેરોજગારીની મૂળભૂત સમસ્યાઓને હલ કરવા નવી ઔદ્યોગિક નીતિ અને રોજગાર-નિર્માણના વિવિધલક્ષી આયોજનનો અસરકારક અમલ હાથ ધર્યો છે. ગ્રામ વિકાસ અને કૃષિલક્ષી અર્થતંત્રને સંગીન બનાવવાની સાથોસાથ પાયાની સુવિધાઓ તથા ગરીબ પરિવારોના જીવનની ગુણવત્તા સુધારવાના કાર્યક્રમોને વધુ પરિણામલક્ષી બનાવવામાં આવ્યા છે. માનવસંપત્તિના વિકાસની તકોને મોકળાશ મળે અને કોમી સંવાદિતા સાથે પ્રજા જીવન વિકાસની પ્રક્રિયામાં સહભાગી બને તેવો લોકાભિમુખ અભિગમ અપનાવ્યો છે. ૧૭ મહિનાના ટૂંકા શાસનકાળ દરમિયાન આજ સુધી રાજ્ય સરકારના નીતિ વિષયક અભિગમ અને કાર્યક્રમોના અમલીકરણની આ છે સંક્ષિપ્ત ઝલક.

* નર્મદા યોજનાના મુખ્ય બંધ તથા નહેરના બાંધકામના વેગમાં સન ૧૯૯૦–૯૧ માં નોંધપાત્ર વધારો. આ સમય દરમિયાન ફાળવાયેલ રૂા. ૩૬૦ કરોડની રકમ કરતાં પણ વધુ રૂા. ૪૨૧ કરોડનો ખર્ચ. મુખ્ય બંધમાં કોંક્રિટનું કામ સન ૧૯૮૯–૯૦ ના વર્ષ કરતાં ૧૯૯૦–૯૧ માં બમણા કરતાં પણ વધુ મુખ્ય નહેરના કાર્યમાં પણ નોંધપાત્ર પ્રગતિ.

*** ચાલો 'નયા ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરીએ**

વપન/૧૯૯૧/ગ, ૨૨/૧૫/૩ **માહિતી**

# સદ્ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ પ્રભુ તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી 'અધ્યાત્મ'ને સદ્ભાવભરી સહાય મળતી રહે છે. તે બદલ સહાય કે ભેટ મોકલનાર સર્વે વાંચકો ને શુભેચ્છકોના અમે હૃદયપૂર્વક આભારી છીએ. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે મુજબ છે:—

રૂા.
૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત.
૧૧ શ્રી એસ. ટી. ચૌહાણ.
૧૭૨ શ્રીમતી વર્ષા આર. દવે, રાજકોટ.
૧૦૧ શ્રી નયનાબેન ચંદ્રસેન કતીરા, વાપી.
૧૦૧ શ્રી કૈલાસબેન વિનુભાઇ જોષી, વડોદરા—પુત્ર આશિષને નોકરી મળી જતાં.
૫૧ શ્રી કસ્તુરભાઇ પટેલ, અમદાવાદ—પુત્રી ડીમ્પલ એસ. એસ. સી.માં પાસ થતાં.
૫૧ શ્રી ચંદુભાઇ જાની, ભાવનગર—સદ્ગત પત્નીની પાવન સ્મૃતિમાં.
૫૦૧ શ્રી પ્રભુભાઇ પ્રજાપતિ, ટોરેન્ટો, કેનેડા—પુત્રી રૂપાના લગ્ન પ્રસંગે.
૪૦૦ શ્રી ધીરજભાઇ મોધરિયા, ધાંગધ્રા.
૫૧ શ્રી યોગેશ એચ. પંડયા, વડોદરા—જન્મદિન નિમિત્તે.
૧૦ શ્રી ધીરજભાઇ શાહ, મુંબઇ.



૧૦૧ શ્રી ચંદ્રસેન મૂળજીભાઇ કતીરા, વાપી.
૧૧ શ્રી ભારતીબેન ગિરીશભાઇ અગ્નિહોત્રી, સુરત.
૧૧ શ્રી છેલભાઇ રાવલ, અમદાવાદ—પુત્ર કેતન એસ. વાય. માં પાસ થતાં.
૨૧ શ્રી નીરજકુમાર મગનભાઇ પટેલ, સુરત—નોકરીના પહેલા પગારમાંથી.
૧૧ શ્રી કે. એમ. ભટ્ટ—મોરબી.
૧૧ શ્રી રાજેન્દ્ર કે. ભટ્ટ, મોરબી—ચિંતનના જન્મદિન નિમિત્તે.
૫૧ શ્રી રંજનબેન ઘનશ્યામભાઇ દેસાઇ—ભાવનગર પુત્ર ભાવેશને ત્યાં પુત્રજન્મ થતાં.
૧૦૧ એક અનામી ભક્ત તરફથી.
૧૦૧ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૫૧ શ્રી કાન્તિભાઇ શુક્લ, અમદાવાદ—પુત્ર પરેશને નોકરી મળતાં.
૫૧ શ્રીમતી કુસુમબેન કાન્તિલાલ શુક્લ, અમદાવાદ—પુત્ર વિપુલને નોકરી મળતાં.
૧૦૫ શ્રીમતી નીલાબેન પ્રભુભાઇ હળવદિયા, મોરબી—પૂ. માની કૃપાથી ઓપરેશન સફળ થતાં.
૬૦ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, ડભોઇ.
૨૧ એક બેન તરફથી.
૨૦૨ શ્રી સનત એમ. જોષી, વડોદરા—પુત્ર ઋષિકેશ દસમા ધોરણમાં પાસ થવાથી અને બીજા પુત્ર મિહિરને દસમા ધોરણમાં પ્રવેશ મળતાં.
૫૧ શ્રી દીપકભાઇ મોહનલાલ શાહ, અમદાવાદ.
૧૦૧ શ્રીમતી મમતાબેન પી. ભાટિયા, વડોદરા—પુત્ર સંદીપકુમાર

અમેરિકા જતાં.
૨૧ શ્રી મધુબેન મહાદેવિયા, અમદાવાદ.
૫૧ કુમારી છાયા શશિકાન્ત પુણેકર, વડોદરા—ધોરણ દસમાં પાસ થવાથી.
૧૦૧ શ્રી લલ્લુભાઇ સીતારામ ભક્ત, કપૂરા.
૫૧ શ્રી દક્ષાબેન રમેશભાઇ ભક્ત, દીગસ.
૭૮ શ્રી કપૂરા ધ્યાનકેન્દ્ર.
૫૧ શ્રીમતી ગંગાબેન વામનભાઇ ભક્ત, કપૂરા.
૫૦૦ શ્રીમતી શારદાબેન રતિલાલ શાહ, ન્યુજર્સી અમેરિકા, બેન નિધિના જન્મદિન નિમિત્તે.
૧૦૧ શ્રીમતી મંજુલાબેન કેશુભાઇ જી. પટેલ, અમદાવાદ—પુત્રી જલ્પા એસ. એસ. સી.માં સારા માર્કે પાસ થતાં.
૧૦૨ એક અધ્યાત્મપ્રેમી તરફથી.
૧૦૧ શ્રી એચ. કે. તડવાની, મોરબી—જશ્મીનકુમાર એસ. એસ. સી.માં પાસ થતાં.
૨૫ શ્રી મગનલાલ તન્ના, વડોદરા.
૧૦૧ શ્રી પિનાકીન નારાયણદાસ જાની, મુંબઇ—ચિ. જાગ્રતની ખોવાયેલી સાયકલ પાછી મળતાં.
૧૦૧ એક સાધક તરફથી, મુંબઇ—પૂ. ગુરુદેવ ને પૂ. માની કૃપાથી સંકલ્પ પૂર્ણ થતાં.
૫૦ શ્રીમતી ભાનુબેન મનસુખલાલ જોષી, પોરબંદર.
૨૫ શ્રી હિમાંશું પાઠક, સુરત.
૧૧૫૧ શ્રી પ્રાગજી રણછોડ લાડ, નવસારી—મનોકામના પૂર્ણ થતાં.



## ' તો બસ છે '

હે મા!
જીવનના વિષમ પથમાં
વિપદના કંટકોની વચ્ચે
તમારા સ્મિતનું એક ગુલાબ હશે...
તો બસ છે!

જન્મોથી ક્ષુધાતુષાર્ત, મારા વેરાન હૃદયને
તૃપ્તિ ધરવા, નવપલ્લવિત કરવા
તમારા પ્રેમનું અમૃત હશે...
તો બસ છે!

ભવસાગરની સફરમાં
તોફાનો વચ્ચે અથડાતી
મારી નાની—અટૂલી નાવમાં, તમારું સુકાન હશે...
તો બસ છે!

વિરહમાં કે મિલનમાં
અનુકૂળતા કે આપત્તિમાં, હરસ્થળે, હરપળે
તમારુ સ્મરણ હશે...
તો બસ છે!

ગમે ત્યાં વિહરતાં, ગમે ત્યાં વિચરતાં,
તમારા આ બાળકનું
તમને સ્મરણ રહે...
તો બસ છે!!!

દક્ષેશ કોન્ટ્રેક્ટર, વડોદરા.

## પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન તા. ૧૩ નવેમ્બર છે. આ વર્ષે તે સંવત ૨૦૪૮ ના કારતક સુદ ૮ ને બુધવારે આવે છે. આ દિનની ઉજવણી માટેનું આમંત્રણ કપૂરા ગામ તરફથી શ્રી ઈશ્વરભાઇ ભક્તે આપ્યું છે. પૂ. માએ આ માટેની સંમતિ પણ આપી દીધી છે. એટલે સર્વે સાધકોને પૂ. માના જન્મદિને કપૂરા પધારવા પ્રેમપૂર્વક નિમંત્રણ છે. આની જાહેરાત આ વખતે તા. ૧૫ મી ઓગસ્ટની ઉજવણીના કાર્યક્રમમાં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી.

આગલા દિવસે સાંજે પણ કપૂરા આવી શકાય.

* * *

## નવરાત્રિમાં અંબાજી ખાતે સમૂહ જપયજ્ઞ

છેલ્લાં બે વર્ષોની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રિમાં એટલે તા. ૮ મી ઓક્ટોબરથી તા. ૧૬ મી ઓક્ટોબર ૯૧ સુધી અંબાજી ખાતેના સ્વર્ગારોહણ તીર્થમાં સમૂહ જપયજ્ઞ શ્રી અજયભાઇ કલોલાની દોરવણી નીચે યોજવામાં આવનાર છે. તેમાં જોડાવા ઇચ્છનાર ભાઈબહેનોએ નીચેના સરનામે દસ દિવસ અગાઉથી જાણ કરવા વિનંતિ છે.

શ્રી બાલુભાઇ પટેલ, મેનેજર સ્વર્ગારોહણ—માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાંતા રોડ, અંબાજી ૩૮૫,૧૧૦

સાધકો માટે ત્યાં પોતાના ખર્ચે રહેવાની અને સમૂહ ભોજનમાં ભાગ લેવાની વ્યવસ્થા કરવામાં આવશે.



### શ્રી શ્રી મા આનંદમયીના

## જન્મ વિષેની રસપ્રદ માહિતી

રણધીર ઉપાધ્યાય

સ્વાતંત્ર્ય પૂર્વેના અખંડ ભારતના બંગાળ પ્રાંતમાં ત્રિપુરાનું એક દેશી રાજ્ય હતું. તેમાં વિદ્યાકૂટ નામનું એક ગામ પોતાની સંસ્કાર સમૃદ્ધિને લીધે ચોમેર પ્રખ્યાત હતું. આજે તે બંગલા દેશમાં છે. ત્યાં બિપિનબિહારી ભટ્ટાચાર્ય નામના બ્રાહ્મણ સદ્‌ગૃહસ્થ રહેતા હતા: તેમની પત્નીનું નામ મોક્ષદાસુંદરી.

બિપિનબિહારી અતિ દરિદ્ર હતા. માંડ માંડ પોતાનો જીવન-નિર્વાહ ચલાવતા. ગમે તેમ કરીને તેઓ પોતાનું પેટિયું રળતા અને કુટુંબને પાળતા.

તેઓ કાશ્યપ ગોત્રના દ્વિજ હતા અને ભગવાન શાલિગ્રામના—નારાયણ શિલાના ઉપાસક હતા. ઘરમાં નિત્ય શાલિગ્રામની સેવા થતી અને બહાર આંગણામાં તુલસીક્યારાના તુલસી માતાની પૂજા થતી. ઘરનું વાતાવરણ ધાર્મિક હતું.

બિપિનબિહારી ભટ્ટાચાર્ય ભજન—કીર્તન કરતા, સંતોની સેવા કરતા અને સાધુ—જીવન ગાળતા. મોક્ષસુંદરી પણ ભક્તિ-પરાયણ નારી હતાં. તેમની કૂખે એક દીકરી જન્મીને મૃત્યુ પામી હતી તેથી ખિન્ન થઇ બિપિનબિહારી વિદ્યાકૂટ ગામ છોડી પાસેના ખેવડા નામના ગામમાં કાયમ માટે ચાલ્યા ગયા. ખેવડા તેમનાં માતુશ્રી ત્રિપુરાસુંદરીનું પિયર હતું તેથી તેમને ત્યાં આશ્રય મળ્યો. ત્યાં એક ઝૂંપડી જેવા નાના ઘાસ—માટીના ઘરમાં આ ભટ્ટાચાર્ય

કુટુંબ રહેવા લાગ્યું. ખેવડા સાવ નાનું ગામ હતું. ગામમાં બહુ વસ્તી ન હતી. થોડાંક માટી, ઘાસ, પાંદડાનાં ઘર હતાં અને આસ-પાસ નાનાં નાનાં તળાવ હતાં જેને બંગાળીમાં 'પુકુર' કહે છે. તળાવોમાં લાલ, ગુલાબી અને સફેદ કમળ ખીલતાં હતાં. કિનારા તાડનાં ઝાડોથી શોભતા હતા. ચોમેર લીલોતરી હતી. કુદરતી સૌંદર્યથી ખેડવા શોભતું હતું, પણ ગ્રામવાસીઓની અજ્ઞાનતા, દરિદ્રતા અને અસંસ્કારિતાથી એ બિહામણું લાગતું હતું.

બિપિનબિહારી અભાવગ્રસ્ત હોવા છતાં મસ્તીમાં જીવતા હતા. કીર્તન, ભજન, પૂજા, પ્રાર્થનાનો દૈનિક કાર્યક્રમ યથાવત્ ચાલતો હતો. ધાર્મિક પ્રકૃતિના સન્નારી હોવાને લીધે મોક્ષદા-સુંદરીને જીવનની ભૌતિક સુવિધાઓનો અભાવ અકળાવતો ન હતો. તેઓ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને ગૃહસંસાર નભાવતાં હતાં. ઘરને સ્વચ્છ રાખવું, આંગણું ચોખ્ખું કરવું, તુલસીના છોડોની માવજત લેવી અને દેવ–સેવા કરવી આ બધું તેમના નિત્યક્રમના અંગ જેવું હતું.

લગ્ન પૂર્વે બિપિનબિહારી ભગવાં વસ્ત્ર પહેરી આસપાસના ગામોમાં કીર્તન કરતા. તેમનો અવાજ મીઠો અને મોહક હોવાથી અને સંગીતનું સારું જ્ઞાન હોવાથી ગ્રામવાસીઓ એમને આવ-કારતા અને માનપાન આપતા. મોક્ષસુંદરી સાથે લગ્નગ્રંથિથી જોડાયા પછી તેમના જીવનમાં ઝાઝો ફેર પડયો ન હતો. તેઓ સાંસારિકતા પ્રત્યે, ગૃહસ્થાશ્રમ પ્રત્યે પહેલાંની જેમ જ ઉદાસીન રહ્યા. તેમને ન હતી કુટુંબની ચિંતા કે ન હતી કમાવાની પરવા. આ બધું તેમણે મોક્ષદાસુંદરીને સોંપ્યું હતું અને એ સદ્‌ગૃહિણી કશી ફરિયાદ કર્યા વિના ગૃહ–સંસાર ચલાવતાં હતાં. બિપિન-



બિહારીના પિતા ત્રિલોચન ભટ્ટાચાર્ય તો ક્યારનાયે અવસાન પામ્યા હતા. માતા ત્રિપુરાસુંદરી તેમની સાથે રહેતાં હતાં.

એક દિવસ બિપિનબિહારી પોતાના માતા, પત્ની વગેરેને છોડીને ક્યાંક ચાલ્યા ગયા. આ પ્રસંગનો ઉલ્લેખ એક વાર આનંદ-મયી માએ વારાણસીમાં આમ કર્યો હતો. "મારા જન્મ પહેલાં જ મારા પિતા ઘર છોડી ક્યાંક ચાલ્યા ગયા હતા. એમણે ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેઓ હરિ–કીર્તનમાં સમય ગાળતા હતા." આગળ માએ ઉમેર્યું, "આ શરીરના પિતાને કીર્તન અને ધાર્મિક સંગીતમાં ઊંડો રસ હતો. શૈવ, શાક્ત, વૈષ્ણવ ઈત્યાદિ બધા સંપ્રદાયોનાં ભજન તેઓ ગાતા હતા. રાત્રિના તેઓ સાવ ઓછું સૂતા. કેટલીક વાર તો કીર્તનમાં આખી રાત કાઢી નાખતા." બિપિનબિહારીના ગૃહ–ત્યાગથી મોક્ષદાસુંદરી વિચલિત થયાં ન હતાં. ચૂપચાપ બધું સહન કરી ઘર ચલાવતાં. તેઓ સદા હસતાં રહેતાં, ભગવાન પર આધાર રાખતાં, સરળ, નિષ્કપટ, નિરાભિ-માની જીવન જીવતાં અને બધાં દુઃખ વેઠીને પોતાના સાસુ ત્રિપુરાસુંદરી અને પુત્રી નિર્મળાસુંદરીની સુખ–સગવડ સાચવતા. તેઓ દૃઢતાપૂર્વક માનતા કે જે કાંઈ બને છે તે ઈશ્વરની ઇચ્છાથી જ બને છે માટે તેનો સ્વીકાર કરવો હિતાવહ છે. અસહ્ય દારિદ્રય હોવા છતાં પોતાને ત્યાં આવેલા અતિથિને તેઓ આવકારતાં અને યથાશક્તિ તેની આગતા સ્વાગતા કરતાં. અતિથિ સત્કાર અંગેનો એક પ્રસંગ અત્રે ઉલ્લેખનીય છે.

ગરમીના દિવસો હતા. સખત તડકો પડતો હતો. બપોરનો સમય હતો. મોક્ષદાસુંદરી થાળીમાં ભાત લઈ જમવા બેઠાં તે જ ક્ષણે એક ભૂખ્યા યાચકનું આગમન થયું. તેણે ભોજનની યાચના

કરી. તરત મોક્ષદાસુંદરીએ પોતાની થાળીમાંથી થોડા ભાત બીજી થાળીમાં પીરસી આગંતુક સામે મૂક્યો. એ જમવા લાગ્યો. બધો ભાત ખાઇ ગયો, પણ પેટ ન ભરાયું. વધારે ભાત માગ્યો. મોક્ષદાસુંદરીએ શેષ ભાત પણ પીરસી દીધો. અતિથિ પેટ ભરીને જમ્યો અને આશીર્વાદ આપી વિદાય થયો. મોક્ષદાસુંદરીએ ફક્ત એક કેળું ખાઇ આખો દિવસ પસાર કર્યો. આ બનાવની જાણ તેમણે કોઇને કરી નહિ. આનંદપૂર્વક સર્વ કાર્યો કર્યાં અને શાંત, સ્વસ્થ ચિત્તે પ્રભુ–સ્મરણ કર્યું. તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાના 'સમત્વ'ના ગુણથી વિભૂષિત હતાં. ક્રોધથી અપરિચિત હતાં. તેમનામાં અનાસક્તિ અને અનાગ્રહ જેવા વિરલ સદ્ગુણ હતા.

બિપિનબિહારીમાં કોઇ ઉલ્લેખનીય દુર્ગુણ ન હતો. સાત્ત્વિક ગુણોથી તેઓ અલંકૃત હતા. માત્ર વૈરાગ્ય અને સંસાર પ્રત્યે ઉદાસીનતાને લીધે તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા હતા. મોક્ષદાસુંદરી અને બિપિનબિહારીની પ્રભુ–ભક્તિ, સાત્ત્વિક પ્રકૃતિ તથા સરળ, નિર્મળ જીવનને લીધે મા આનંદમયીએ તેમને ત્યાં જન્મ લેવાનું પસંદ કર્યું હશે. ભટ્ટાચાર્ય દંપતીને ત્યાં ૩૦ એપ્રિલ ૧૮૯૬ ના રોજ રાત્રિના ત્રણ વાગે માએ અવતાર લીધો. ત્યારે વૈશાખ વદ ચોથ અને શુક્રવાર હતો.

મા આનંદમયીના કુટુંબે તેમનું નામ નિર્મળાસુંદરી રાખ્યું. બાલિકા નિર્મળા કુટુંબમાં અને આડોશ–પાડોશમાં સર્વત્ર અતિશય પ્રેમાસ્પદ પૂરવાર થઇ. માતા મોક્ષદાસુંદરીને તો તે પ્રાણથી પણ વધારે વહાલી હતી, પણ પતિવિહોણું જીવન તેમને અંદરથી અશાંત અને અસ્વસ્થ કરી મૂકતું હતું. ઘર નભાવવાની અને નિર્મળાને મોટી કરવાની ચિંતાથી માતા મોક્ષસુંદરી મનમાં ઉદ્વિગ્ન



રહેતાં હતાં. પણ હિતેચ્છુઓ અને સગાઓએ તેમના પર દયા કરીને યથાશક્તિ મદદ કરવાનું ચાલુ કર્યું હતું અને બિપિન-બિહારીની શોધ–ખોળ કરવાની ઝુંબેશ પણ ઉપાડી હતી. પરંતુ તેમનો ક્યાંયે પત્તો લાગ્યો ન હતો. ગમે તેમ મનનું સમાધાન કરી મોક્ષદાસુંદરી અને તેમનાં સાસુ ત્રિપુરાસુંદરી શાંતિપૂર્વક દિવસો પસાર કરતાં હતાં.

નિર્મળા જ્યારે ઉદરમાં હતી ત્યારે તેનાં દાદીમા ત્રિપુરા-સુંદરીએ એવી મહેચ્છા સેવી હતી કે મારા પુત્રને ત્યાં પુત્રરત્નનો જન્મ થાય. આ મહેચ્છા સાથે તેઓ એક દિ' પાસેના કાળી-મંદિરમાં ગયાં. અંતઃકરણથી તેમણે માતા કાલિકાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં અને ચરણોમાં માથું નમાવી પુત્રની યાચના કરવાને બદલે ભૂલથી પુત્રની યાચના કરી કહ્યું–"મા મહાકાળી, મારા બિપિનને તું પુત્રી આપજે." અને ખરેખર એ ઠાકુરમાની પ્રાર્થનાનો સ્વીકાર કરી માતા કાલિકાએ તેમને પુત્રી નિર્મળા આપી. દાદીમાએ જે માગ્યું તે તેમને મળ્યું. આ છે ભાગ્યની વાત!

નિર્મળાસુંદરીના જન્મ પહેલાં અને પછી માતા મોક્ષદા-સુંદરી સ્વપ્નમાં દેવ–દેવીઓનાં દર્શન કરતાં. દેવ–દેવીઓ તેમના ઘરમાં આવતાં, પ્રકાશ પાથરતાં અને સમસ્ત વાતાવરણ દિવ્યતાથી ભરી દેતાં. મોક્ષદાસુંદરી આ પ્રવૃત્તિને બરોબર સમજી ગયાં હતાં. એમને ખાતરી થઇ ગઇ હતી કે નિર્મળા કોઇ દિવ્યલોકની દેવાંગના છે, તેથી દેવ–દેવીઓ આવે છે. આ દૈવી અનુભૂતિ-ઓએ તેમને વધારે ભક્તિપરાયણ, શ્રદ્ધાવાન અને સહિષ્ણુ બનાવ્યાં હતાં.

નિર્મળાના જન્મ સમયે મોક્ષદાસુંદરીને કોઇ પણ પ્રકારની પ્રસવપીડા થઇ ન હતી. સામાન્ય જીવનમાં આપણે એવું જોઇએ છીએ કે જન્મની સાથે જ બાળક રડવાનું શરૂ કરે છે પણ નિર્મળા જન્મીને રડી જ ન હતી. એક વાર વારાણસીમાં પોતાના જન્મની વાત નીકળતાં આનંદમયી માએ હસતાં હસતાં કહ્યું, “જન્મ પછી હું શા માટે રડું? હું તો ત્યારે મકાનમાં નળિયાનાં કાણાંમાંથી આંબાનું ઝાડ જોતી હતી.” આમ જન્મથી નિર્મળા દિવ્યદૃષ્ટિસંપન્ન હતી.

### સુવાક્યો

વિષય તરફ પરમ વૈરાગ્ય હોવો એ જ સમાધિ કહેવાય છે. અને જેણે એ વૈરાગ્ય મેળવ્યો હોય તે પરબ્રહ્મ પુરુષને નમસ્કાર હોય

જે જ્ઞાન વડે વૈરાગ્ય થાય તે જ ખરું જ્ઞાન છે. બાકી જે વડે ધન, સ્ત્રી, પુત્ર આદિનો વધારો થતો રહે છે તે તો જડતા જ વધી છે એમ સમજવું.

જેનું ચિત્ત પરમાત્મામાં વિશ્રાંત થઇ જઇ પાછું ફરીવાર જગતના દૃશ્ય પદાર્થોમાં આસક્ત થતું નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.



# पंगुम् लंघयते गिरिम्।

નારાયણ હ. જાની

### શ્રી મોહનલાલની વ્યાધિમુક્તિ એક અદ્‌ભુત ઘટના

આ વર્ષના માર્ચ અને એપ્રિલમાં શ્રી મોહનલાલ અમારી સાથે અંબાજી અને હરદ્વારમાં હતા. ખૂબ નામજપ કરતા ને આનંદથી પૂ. માના સાન્નિધ્યમાં દિવસો વીતાવતા. શ્રી મોહનલાલ એટલે એક સરલ, સ્નેહાળ, શ્રદ્ધાળુ સાધક. પોતાના કામ સિવાય બીજામાં રસ નહિ. સત્સંગની બેઠકોમાં નિયમિત હાજરી આપે ને બાકીનો સમય પોતાના નિત્યનિયમો પ્રમાણેના સ્તોત્રપાઠ ને જપધ્યાન કર્યા કરે.

એમને ડાયાબીટીઝનો રોગ તો ઘણાં વર્ષોથી હતો. પણ ખાવા– પીવામાં ખૂબ સંયમ જાળવે. દવા, ગોળી કે ઇન્સ્યુલીન નિયમિત લે. એથી એમાં કોઇ વધારો નહિ. પરંતુ જૂન ૧૯૯૧ માં તેઓને ડાબા પગના અંગૂઠા અને આંગળીઓમાં કાળાશ દેખાણી. દાક્તરોને બતાવતાં નિદાન થયું કે ‘ગેંગરીન’ છે. આ રોગનું નામ અપરિચિત લાગે પરંતુ એ રોગ એટલે માંસ અને હાડકાનો સડો. સડેલો અંગૂઠાનો ભાગ ખોતરી કઢાવ્યો, પરંતુ પછી રૂઝ આવે જ નહિ. આથી દવાઓ ચાલુ પણ કોઇ અસર જ નહિ. એટલે વધુ દાક્તરી તપાસ કરાવી, તો માલુમ પડયું કે એ રોગ બન્ને પગોમાં પ્રસરી ચૂકયો છે. કપાવવા સિવાય બીજો માર્ગ નથી. પગ કપાવવા પડે એ કેવી લાચાર સ્થિતિ! વળી અંગૂઠાની રૂઝ તો આવતી નહતી, તેમાં પણ કાપ્યા પછી તો શું

સ્થિતિ થાય? એની કલ્પના જ માણસને ધ્રૂજાવી દે એવી નથી શું?

આવી સ્થિતિમાં પૂ. માએ શ્રી મોહનલાલને કપૂરાથી મુંબઇ બોલાવી લીધા અને તેઓએ એક શરણાગત ભક્તની અદાથી પોતાની જાતને પૂ. માને સોંપી દીધી.

પૂ. શ્રી શ્રી માએ પણ મોહનલાલને સંપૂર્ણ રીતે સંભાળી લીધા. તેમને સતત પ્રસન્ન રાખવા માંડયાં. ખાતાં પીતાં ઉઠતાં બેસતાં બસ વિનોદ અને આનંદ. ભાતભાતની વાતો કરી પૂ. માં એમને હસાવે. ખાસ કરી જમવા બેસે ત્યારે તો પોતાના ઓરડામાં તેમની ભોજનની થાળી મૂકાવે અને અલક મલકની વાતો કરે. જેમાંથી વિનોદ અને હાસ્ય જ નિષ્પન્ન થતું હોય. વાતાવરણમાં ખડખડાટ હાસ્ય છવાઇ જાય.

શ્રી મોહનલાલ પૂ. માના પૂર્વાશ્રમના બનેવી થાય. પરંતુ અહીં એ પારિવારિક સંબંધ કરતાં પૂ. મામાં અને પ. પૂ. યોગેશ્વરજીમાં તેઓની જે શ્રદ્ધા-ભક્તિ તે જ મોટું કામ કરી ગઇ. પૂ. માના હૃદયમાં એ કરુણા જગાવી ગઇ.

સૌથી મહત્ત્વનું કામ તો પૂ. માએ એ કર્યું કે એઓ માંદા છે એ વિચાર જ એમનામાંથી કાઢી નાંખવાનું. દાક્તરી રિપોર્ટ ગમે તે હોય પણ તેઓ જલ્દીથી સાજા થઇ જશે જ એવી શ્રદ્ધા એમનામાં જગાવી. આથી મનની અંદરથી માંદગીનો સામનો કરવાની પ્રતિકાર શક્તિ જાગી. વળી આસપાસ માણસોને પણ તેમના દર્દવિષે કોઇ નકારાત્મક વાતો ન કરવા સૂચના આપી. ગમે તેવું ભયંકર દર્દ પણ પ્રભુની કૃપા હોય તો મટી શકે છે એ વાત કહેતાં રહ્યાં. આવી પ્રભુકૃપા પ્રાપ્ત કરવા સાચા હૃદયથી



પ્રાર્થના એ મોટામાં મોટું સાધન કહ્યું. પોતે પણ આવી પ્રાર્થનાઓ નિરંતર કરતાં રહ્યાં. સાથે સાથે શ્રી મધુભાઇ ભટ્ટના સમગ્ર પરિવાર તેમ જ બીજા શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઇ-બહેનો પણ તેઓના આરોગ્ય માટે પ્રાર્થનાઓ, પૂજાઓ કરતા રહ્યા. આમ અનેક મોરચે માંદગી સામે પૂ. માની રાહબારી નીચે લડવાનું ચાલુ કર્યું. દવા તો ખરી જ, પણ દૂવા કામ કરે. પ્રભુની અને પ્રભુના સાચા સંતોની સ્તુતિઓ રોજ કરવાની. ઘરનું વાતાવરણ જ કોઇ માંદા માણસના પરિવારનું નહિ. પરંતુ કોઇ સંતના નિવાસનું બની ગયું. તે સાથે વચ્ચે વચ્ચે પૂ. માના વિનોદ તો ચાલ્યાં જ કરે. હાસ્યની છોળો ઉડતી રહે ને પ્રભુના સંકીર્તનથી-ધૂનથી ને ભજનોથી વાતાવરણ ગૂંજતું રહે.

પરિણામે શ્રી મોહનલાલ એ વાત ભૂલી જતા કે તેઓ માંદા છે. વળી પૂ. મા એમનું સતત ધ્યાન રાખતાં-રાખતાં સમજાવતાં કે માણસનું મન જો મજબૂત હોય તો કોઇ માંદગી તેના શરીરમાં પ્રવેશી ન શકે.

પૂ. માએ શ્રી મોહનલાલને આ માંદગીમાંથી મુક્ત કરવા આધ્યાત્મિક રીતે શું કર્યું, એ જાણવાની જીજ્ઞાસા ઘણાને થાય એ સ્વાભાવિક છે.

'ગેંગરીન' એટલે લોહીનું પરિભ્રમણ અટકી જવાના પરિણામે માંસ અને હાડકામાં થતા સડાનો રોગ. જે અવયવોમાં તે દેખાય તેને કાપવા જ પડે; નહિ તો તે ફેલાતો જ જાય અને ધીરે ધીરે આખા શરીરમાં વ્યાપી જાય. ખાસ કરી પગથી તેનો પ્રારંભ થાય. આ રોગનો શિકાર બનેલ ઘણાઓના આખા પગ કાપી નાંખેલા જોયા છે અને છતાં તેઓ ઘણીવાર બચ્યા નથી.

આવી ભયંકર રોગ સામે દાક્તરી વિજ્ઞાને પણ હાર સ્વીકારી સંરક્ષણાત્મક વલણ અપનાવેલું છે. ત્યારે તેમાંથી દર્દીને મુક્ત કે સાજો કરવાનું કામ એ ચમત્કાર નહિ તો બીજું શું કહેવાય!

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સાધના પ્રણાલિ પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પણ અપનાવેલી છે. પૂ. શ્રીના "પ્રાર્થના એ જ સાધના છે" એ સૂત્રમાં પૂ. મા પણ શ્રદ્ધા ધરાવે છે. અને તેઓના આજના સાધનાત્મક જીવનનો તે જ પાયો છે. એટલે તેઓએ શ્રી મોહનલાલના કેસમાં એ જ સાધનનો આશ્રય લીધો. પૂ. મા સતત પ્રાર્થના કરતાં રહ્યાં. હૃદયના ઉંડાણમાંથી, પોતાના સમગ્ર અસ્તિત્વના રોમરોમમાંથી એ મૂક પ્રાર્થનાના પોકારો ભાવ જગતમાં વ્યક્ત થતાં. એક દિવસ તો ફળ અને જળનો પણ ત્યાગ કરીને આખો દિવસ પૂ. ગુરુદેવના ચરણે પોકારો પાડતાં જ રહ્યાં. તેમનાં નયનોને અશ્રુબિંદુઓથી સતત ઊભરાતાં આ પ્રાર્થનાઓમાં અમે જોયા. એવી એ અંતરના અંતરતમમાંથી ઉઠતી વેદનાપૂર્ણ પ્રાર્થનાઓ હતી.

એક પ્રસંગે વાર્તાલાપ દરમ્યાન પૂ. માએ કહ્યું, "આવી પ્રાર્થના અમે કદી અમારા શરીર કે સાધના માટે પણ કરી નથી. તેમ જ ભવિષ્યમાં કદી કોઇ પ્રસંગેય અમારે કે બીજા કોઇ માટે કરીશું નહિ." શું આવી પ્રાર્થનાનું કોઇ ફળ ન મળે? જરૂરથી મળે. શ્રદ્ધા ને પ્રેમથી કરે તેને અવશ્ય મળે.

એક પ્રસંગે તેઓએ કહ્યું કે પૂ. મા મારાં સગાં ખરાં. વળી કપૂરા આવે ત્યારે પરિવારનાં બહેનોને ત્યાં ઉતરે પણ ખરાં. પરંતુ ખાસ કરી મને તેઓનું સાન્નિધ્ય અને સત્સંગનો લાભ બીજા



અનેક સાધક ભાઇ બહેનો જેટલો જ મળતો. પરંતુ મારી માંદગીના આ દિવસોમાં પૂ. માએ મને અનેકગણું સાન્નિધ્ય ને સત્સંગનો લાભ આપ્યો. મને કૃતકૃત્ય કરી દીધો. જીવનનાં આટલાં વર્ષોમાં હું તેઓ પાસેથી જેટલું પામ્યો હોઇશ, તેના કરતાં અનેકગણું મને મારા જીવનના કટોકટી ભર્યા આ દિવસોમાં તેઓએ મને આપ્યું. મને જીવવા માટેનું બળ આપ્યું, પ્રભુ પરની મારી શ્રદ્ધા હતી તેને દૃઢ કરી, મારા મનને સત્સંગ અને પ્રભુના સ્મરણના રંગે રંગી દીધું, એટલું જ નહિ પરંતુ હું વર્ષોથી પરંપરાગત જે ખોરાક ખાતો, જેમાં મારી રૂચિ ને રસ હતાં, તેમાંથી છૂટવાનું બળ મારા મનને પૂરું પાડયું. એમના સાન્નિધ્યે મારા મનને બધેથી ઉપરામિત થવાની શક્તિ મળી. મૃત્યુ ભલે સામે આવે, શારીરિક પીડા ભલે ભાગ્યવશાત ભોગવવી પડે, પરંતુ તે માટેનો મારા મનનો ડર પૂ. માના સાન્નિધ્યથી ભાંગી ગયો. હવે મને જાત અનુભવથી સમજાયું કે પ્રાતઃસ્મરણીય શુકદેવજીની ભાગવત કથાના સાત દિવસના શ્રવણ માત્રથી પરીક્ષિત મહારાજાનો મૃત્યુનો ભય સાચે જ ટળી ગયો હશે. આ ચમત્કાર ભલે એક વ્યક્તિ પૂરતો હોય, પરંતુ તે સમાજ માટે પ્રત્યક્ષ ઉદાહરણરૂપ છે. સહુએ તે જોયું છે; સહુ તેનાં સાક્ષી છે. એને કેમ અવગણી શકાય?

બોમ્બે હોસ્પીટલના ડોક્ટર શ્રી આનંદ ગોકાણી (એમ.ડી.)-ની દૂધ, ખાંડ, મીઠું, ચોખા નામનાં ચાર સફેદ ઝેરોને તિલાંજલિ આપી. ઉગાડેલા મગ, કાચાં શાકભાજી, મોળું દહીં, ફળો વગેરે ખાવાના પથ્યે પણ તેમને સારા થવામાં મદદ કરી હોય તે શક્ય છે. તે માટેનું નિમિત્ત બન્યાં શ્રી ભારતીબેન ચોકસી. શ્રીમોહનલાલે ખૂબ ચૂસ્ત રીતે પથ્યનું પાલન કર્યું.

ધર્મપત્ની શ્રી સુશીલાબેન અને પુત્ર તાપસની પ્રેમભરી સંભાળ તો ખરી જ. શ્રી મધુભાઇ અને પ્રકાશભાઇ ભટ્ટના પરિવારોનો ઉષ્માભર્યો સહકાર પણ તેમના જલ્દીથી સારા થવામાં ભાગ ભજવી ગયો.

એવું લાગ્યું કે જ્યારે પ્રભુ કે સંત અનુકૂળ હોય છે ત્યારે સર્વે કાંઇ અનુકૂળ થઇને જ રહે છે. આમ મુખ્ય પ્રતાપ તો પૂ. મા પ્રભુની કૃપાનો જ.

પંદર દિવસમાં શ્રી મોહનલાલના અંગૂઠે રૂઝ આવી અને તેઓ રોજના બાર દાદર ઉતરે અને ચઢે, એકસો પચ્ચીસ પ્રણામ પૂ. ગુરુદેવ અને પૂ. માને કરે તેમ જ પાંત્રીસ મિનિટ નિયમિત ચાલે. કલ્પી શકો છો જે વ્યક્તિને વીલચેરમાં બેસાડી રેલ્વેના ડબામાંથી ઉતારેલી તે વ્યક્તિ પોતાના કપાવવા કાઢેલા પગો વડે આટલો પરિશ્રમ કરી શકે?

ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિમાં ગવાય છે કે "પંગુમ્ લંઘયતે ગિરિમ્!" એ શું શ્રી મોહનલાલના કિસ્સામાં સાચું નથી ઠર્યું! આ શું ગિરિ ઓળંગવા જેવી વાત નથી? શ્રી મોહનલાલ તા. ૧૫ ઓગસ્ટે સારા થઇ કપૂરા પહોંચી ગયા છે. પ્રભુ અને સંતો સર્વ કંઇ કરવા સમર્થ છે. તેમનો જય હો.

---



## કેવો હશે?

(ગાન)

કાળી કાળી વાદળી કરનાર તો કેવો હશે?
સંધ્યા–ઉષામાં રંગનો પૂરનાર તો કેવો હશે?

સરિતા, ઝરા, સાગર અને ડુંગર, ગિરિ, ખીણો બધી
સૂર્ય, તારા, ચંદ્રનો કરનાર તો કેવો હશે?

આભ મોટું ઊંચું કેવું ઊભું સ્તંભો વિના
વર્ષા, સમીરણ મંદ મીઠા આપનાર કેવો હશે?

જળ સમું અમૃત મજાનું અર્પનાર કેવો હશે?
ફૂલમાં સૌરભ સરસ ભરનાર તો કેવો હશે?

આ ધરા, તડકો મજાનો, માનવી હૈયું મીઠું
જનની હૃદય મમતાભર્યું–ઘડનાર એ કેવો હશે?

પ્રો. ધર્મેન્દ્ર માસ્તર, મધુરમ્

# માતૃદર્શનનો મહોત્સવ–૨

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

જેમણે પરમપ્રેમના પારાવારમાં ડૂબકી મારી હોય તેમણે સંસારના સ્નેહ સરોવરમાં શાંતિ સ્નાન કરવાની ક્યાં જરૂર રહી? જેઓ કલ્પવૃક્ષ કે કામધેનુનો પ્રસાદ પામ્યા હોય તેઓને પછી અન્ય વરદાનોની શું ભૂખ રહે! તેમ પરમ પુરુષ મા સર્વેશ્વરીના દર્શનની તૃપ્તિ પછી અન્ય ઈશ્વરદર્શનની તૃષા ક્યાં રહી?

મળ્યા દેવોના દેવ પરમ જેને,
તે દેવને અન્ય મળે ન પળે.
અભિરામ નિહાળ્યું સ્વરૂપ પછી,
જગનાં રૂપોને જુએ ન જુએ.
જેણે મહિમાનો મહારસ માણ્યો,
મહિમાને અન્ય સૂણે ન સૂણે.

આપણે અહીં ભરતમુનિના આશ્રમમાં મળ્યા છીએ રામાયણના સનાતન સંગીતને માણવા પરંતુ જેમના અંતરની વિણા પર આ સનાતન સંગીત પ્રકટે છે તે પૂ. મા સર્વેશ્વરીના મહિમાના મહારસને માણવામાં પણ એ જ રામાયણની અનંતસૂરની અભિનવ સૃષ્ટિનું મધુર ગાન સંભળાય છે.

ચાલો ત્યારે એ ગાન સાંભળવામાં રમમાણ થઈ જઈએ. આજે આ સત્સંગ સમાહનું બીજું પુનિત પ્રભાત પ્રકટી રહ્યું છે. પૂ. માની આશ્રમની કુટિરમાંથી પ્રભુનું પ્રણામ સ્તવન સંભળાઈ રહ્યું છે. પૂ. મા પોતાના દૈનિક નિયમ પ્રમાણે અત્યારે પ્રભુના



સ્તવનમાળાના ગાન સાથે એકસો પચીસ દંડવત પ્રણામ કરી રહ્યાં છે.

પૂ. માના જીવનની વિશિષ્ટતા જુઓ. અહીં તપમાંથી શુષ્કતા નહીં પણ સંગીત પ્રકટે છે. પૂ. માએ જીવનની દરેક ગતિવિધિને તપનું સ્વરૂપ આપ્યું છે. આમ તો પ્રણામ એ માનવીય જીવનની સામાન્ય ઔપચારિકતા છે, પણ પૂ. માએ પ્રણામમાંથી તપની પ્રેમ પ્લાવિત સંગીતની સૃષ્ટિ ઉભી કરી છે. સાત સાત વર્ષના એકધારા અણિશુદ્ધ ઉપવાસોની પરંપરા વચ્ચે એકસો પચ્ચીસ દંડવત્ પ્રણામોનો શ્રમ એ કોઈ સાધારણ પરિશ્રમ નથી, પરંતુ અકલ્પનીય આકરા તપનું મહાવ્રત છે. બબ્બે, ત્રણ ત્રણ સળંગ નિર્જળા ઉપવાસોની વણઝાર વચ્ચે, અને ગમે તેવી શારીરિક અસ્વસ્થતા વચ્ચે પણ દરરોજ એકસોપચીસ દંડવત્ પ્રણામોનો નિયમ દૃઢપણે પળાતો આવ્યો છે. આમાં ક્યાંય કંટાળો નથી, વેઠ નથી પણ પ્રભુના પદસરોજમાં અંતરના અર્ઘ્યનું તપપૂર્ણ તેજસ્વી પણ નમ્ર તર્પણ છે.

પ્રભુને એકસોપચીસ દંડવત પ્રણામ કરીને પૂ. મા શંખધ્વનિના પાવન વાતાવરણ વચ્ચે કથા મંડપમાં પધાર્યાં છે. સૌ ભાવિકો ઉભા થઈ જય જયકાર વડે સ્વાગત કરી પ્રણામ કરે છે. પૂ. માનું આગમન જ આનંદ પ્રેરક છે, ઉલ્લાસ અને ઉમંગ તો પૂ. મા પધારે એ પહેલાં જ ફરી વળ્યાં હોય છે. સૂચાતાની સૃષ્ટિ એ પદસંચારે પ્રકટી રહે છે. પૂ. માના આત્મિક સૌંદર્યની આ સુવાસ છે. વ્હાલપથી મઢેલાં પૂ. મા પધારે અને પોતાના બાલસમાજ પર અનંત વાત્સલ્ય વર્ષાવતાં એવાં તો શોભતાં હોય કે એ દર્શન પામ્યા પછી એમ જ થાય કે હવે આ માતૃદર્શનથી કોઈ વિશેષ

ઈશ્વરદર્શન હોઇ શકે નહીં. પૂ. માના બાળભક્તોની આરાધના તો અહીં જ પૂર્ણ થઇ જાય છે. બાળકોને તો મા મળ્યાં પણ બીજું શું મેળવવાનું હોય? હવે કથા આગળ ચાલે તોય ભલે અને ન ચાલે તોય ભલે. આમેય રામાયણ કથા દ્વારા પૂ. મા એક દિવ્યતાની સૃષ્ટિ ઉભી કરી પોતાના બાળકોના સંસ્કાર ઘડતર માટે ભારે પરમ પુરુષાર્થ કરી રહ્યાં છે.

પોતાના દિવ્ય વ્યક્તિત્વ દ્વારા પૂ. મા જે પવિત્ર વાતાવરણ ઉભું કરે છે તેનું મૂલ્ય કરોડોમાં આંકી શકાય તેમ નથી. પૂ. મા મધુર કંઠ દ્વારા જે અંતરનો ભાવ વહાવે છે તેમાં તરબોળ થઇ જવાય છે. આજના સુપ્રભાતે પૂ. માના કંઠે વહેતું પ્રભાતિયું આવી જ દિવ્યતાનું દ્યોતક છે.

પ્રાતઃસમે રઘુવીર જગાવે કૌશલ્યા મહેતારી
ઉઠો લાલજી ભોર ભયો હે, સુરનર મુનિ હિતકારી
બ્રહ્માદિક ઈન્દ્રાદિક દેવતા સનકાદિક મુનિ મારી
વાણી વેદ વિમલ જશ ગાવે, રઘુકુલ જશ વિસ્તારી

પૂ. મા કોઇ પદ કે ભજન ગાતાં હોય ત્યારે એવું જ લાગે કે આનો અંત જ ન હોય તો કેવું સારું! બસ, એ વહ્યા જ કરે અને આપણે પણ એ ભાવસરિતામાં વહેતા જ રહીએ. સમાધિ-સુખ આથી વિશેષ શું હશે?

કથારસની સરિતા વહી રહી છે. શ્રોતાઓ મંત્રમુગ્ધ છે. કથારસના પાન સાથે માતૃદર્શનનો પ્રસાદ પણ પામી રહ્યા છે. પૂ. મા મહાપુરુષોના આશીર્વાદનો મહિમા ગાતાં કહે શ્રીરામ, લક્ષ્મણ જ્યારે યજ્ઞની રક્ષા કરવા વિશ્વામિત્ર સાથે ગયા ત્યારે વિશ્વામિત્રે તેમને આશીર્વાદ આપતાં કહ્યું હતું, "આ પુણ્યકાર્ય કરતાં તમને



ભૂખ નહીં લાગે, આળસ નહીં આવે, અને શરીરમાં નવી શક્તિનો સંચાર થતો રહેશે." આ આશીર્વાદનો સાક્ષાત્કાર અમે અનુભવી રહ્યા છીએ. પૂ. યોગેશ્વરજી પણ વિશ્વામિત્ર જેવા સમર્થ પુરુષ હતા. પૂ. યોગેશ્વરજીના આશીર્વાદથી અમારું આ શરીર ભૂખના દુઃખ વિના ચાલી રહ્યું છે. નવી શક્તિના સંચારથી આ શરીર થાક્યાવિના, કંટાળ્યાવિના તમારી સૌની નજર સમક્ષ રાતદિવસ પ્રવૃત્ત રહે છે. આ અમારો પ્રત્યક્ષ અનુભવ છે.

કથાપ્રસંગોને નિમિત્ત બનાવી પૂ. મા શ્રોતાઓને જાગૃત કરતાં રહે છે. "રાજા દશરથને એક સફેદવાળ જોઇને વૈરાગ્યનો વિચાર આવ્યો. સમયની આલબેલ તેમણે સ્વીકારી લીધી. યુવાન રાજકુમારોને રાજ્યનો કારભાર સોંપી વાનપ્રસ્થ જીવન સ્વીકારવાનો નિર્ણય લઇ લીધો. પરંતુ આપણે તો સફેદ વાળ થાય એટલે હેરડાઇથી કાળા કરીએ છીએ. જીવન સંધ્યાને પ્રભુપ્રેમના રંગોથી સજાવવાને બદલે સૂરજ સામે ધૂળ ઉડાડવાની કોશીષ કરીએ છીએ. ઈન્દ્રિય સુખોની લોલુપતામાં જીવનના શ્રેયને વિસરી જઇએ છીએ. જે સહજ છે તેને વિકૃત કરવાની કોશિષ કરીએ છીએ."

પૂ. મા કહે "આજ્ઞાપાલન એ રામાયણની સોનેરી શિખામણ છે. રાજા દશરથ ગુરુ વસિષ્ઠની આજ્ઞા પાળે છે. ભગવાન શ્રીરામ પિતાની આજ્ઞા પાળે છે. શ્રીહનુમાનજી, લક્ષ્મણ શ્રીરામની આજ્ઞાને મસ્તકે ચડાવે છે. આજ્ઞાપાલન એ આદરણીય વ્યક્તિ પ્રત્યેનો આદરભાવ છે. અહંકારની એ લગામ છે. નમ્રતાનો પાયો છે. ગુરુપ્રત્યે સમર્પણભાવ કેળવવાનું પ્રેરક બળ છે."

વચ્ચે વચ્ચે પૂ. મા રામાયણનું નવનીત પીરસતાં રહે છે, પૂ.

મા કહે "રાજ્યની ધૂરા કેવી રીતે સંભાળવી તેનું માર્ગદર્શન આપણને રામાયણ આપે છે, આજના રાજકરણીઓએ આમાંથી શીખવાનું છે. રાજકરણીઓએ દરરોજ રામાયણનું પારાયણ કરવું જોઇએ. પ્રજાહિતનું પ્રાધાન્ય ગણી સત્તાને ગૌણ ગણવી જોઇએ. જનસમાજના ડાહ્યા માણસોની સંમતિ લઇને નિર્ણયો લેવા જોઇએ. અહંકારથી છકેલા શાસકથી પ્રજાની શું દુર્દશા થાય છે અને રામરાજ્યમાં એક સામાન્ય પ્રજાજનને પણ કેવો ન્યાય મળે છે, તે પદાર્થપાઠ વરસોથી આપણી સામે હોવા છતાં આપણે સત્તાની નાગચૂડમાં ભીંસાઇને આપણી જાત તેમ જ દેશને પાયમાલ કરી રહ્યા છીએ."

રામાયણ રસાયણથી નવજીવન ધરતાં પૂ. મા કહે, "આપણે મંથરાવૃત્તિ છોડવી જોઇએ. આ મંથરાવૃત્તિ આપણા પૂર્વજોએ બક્ષેલા સુસંસ્કારોનો દાટ વાળી દે છે. બીજાનું સારું જોઇ ન શકવાની આ વૃત્તિ કુટુંબ, સમાજ અને રાજ્યસત્તાનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિના પાયાને હચમચાવીને ખેદાન મેદાન કરી નાંખે છે."

કેવટ પ્રસંગનો પ્રસાદ ધરતાં પૂ. મા કહે "પ્રભુકૃપાનો પ્રસંગ જીવનમાં આવે ત્યારે કેવટની જેમ ખરા હૃદયની ભક્તિથી તેને વધાવજો. પ્રભુકૃપાની કિંમત ભૌતિક પદાર્થોના વળતરમાં કદી માગશો નહીં. પ્રભુ! તમારા સિવાય બીજું કંઇ ન જોઇએ. તમે જ જીવનમાં આવો. તમારા પાવન શ્રી ચરણોની અનન્ય ભક્તિ આપો. તમને છોડીને અન્યત્ર મન ક્યાંય ભટકે નહીં તે માટે કૃપા કરજો."

કેવટ પ્રસંગમાં ગંગા પૂજનની વાત આવતાં પૂ. મા કહે



"અમને પણ ગંગાજીના ચૈતન્યનો સાક્ષાત્કાર ઋષિકેશમાં થયો હતો. ગંગાજીના મૂળપ્રવાહથી દશેક ફૂટ દૂર અર્ઘ્ય લઇને ગંગાકિનારે પૂજા કરવા બેઠાં હતાં. અમે પ્રાર્થના કરી હે મા ગંગા, અમે છેક ગુજરાતથી અહીં આપનાં દર્શન અને પૂજન માટે આવ્યાં. તો તમે આટલું દસ ડગલાં ચાલો અમારો અર્ઘ્ય સ્વીકારવા, શું ના આવો? આ પછી અમે ગંગાજીને અર્ઘ્ય અર્પણ કરવા પ્રવાહ તરફ જવાનાં હતાં, ત્યાં જ અમારા આશ્ચર્ય વચ્ચે થોડી જ ક્ષણોમાં દૂર વહેતો ગંગાજીનો પ્રવાહ અચાનક અમે બેઠાં હતાં ત્યાં સુધી આગળ વધીને આવ્યો, અને અમે બેઠાં બેઠાં જ ગંગાજીને અર્ઘ્ય અર્પણ કર્યો. ગંગાજીએ અર્ઘ્ય જાણે સ્વીકારવા જ અહીં સુધી આવ્યાં હોય તેમ અર્ઘ્ય સ્વીકારી પાછાં થોડી જ ક્ષણોમાં દશેક ફૂટ દૂર મૂળ પ્રવાહ જ્યાં વહેતો હતો ત્યાં પાછા ચાલ્યાં ગયાં. ગંગાજીની કૃપાનો આ સ્પષ્ટ અનુભવ હતો, એમાં સંશયને કોઇ સ્થાન ન હતું!"

પ્રભુકૃપાના આવાજ બીજા પ્રસંગને યાદ કરતાં પૂ. મા કહે "અમે અમેરિકા સાન્ફ્રાંસીસ્કો હતાં ત્યારે એક વખત સમુદ્રદેવનાં દર્શને સમુદ્રકિનારે ગયાં. કિનારે દૂર ઊભાં ઊભાં જ સમુદ્રદેવને પ્રાર્થના કરી કે છેક દૂરથી અમે તમને મળવા માટે આવ્યાં છીએ. તો તમારી ફરજ નથી કે તમારે પણ અમને મળવા આવવું જોઇએ? આ સંકલ્પ થતાં જ એક ક્ષણમાં જ સમુદ્રદેવ જાણે દૂરથી દોડતા આવ્યા, અને અમારી ચારે તરફ ફરી વળ્યા."

પૂ. મા કહે "અમે તો કપૂરાની ધૂળમાં મોટાં થયાં. પ્રભુપંથે થોડું ચાલ્યાં ત્યાં તો પ્રભુ સામે ચાલીને કૃપા વરસાવતા રહે છે. હજુ તો અમે ભક્તિને પંથે વળ્યાં છીએ ત્યાં જ પ્રભુકૃપાનો

પ્રસાદ મળવા લાગ્યો છે, જો પ્રભુને પૂર્ણપણે સમર્પિત થવાનું બને તો પછી શું બાકી રહે?"

પૂ. માના જીવનમાં જે આધ્યાત્મિક અનુભૂતિઓનો આવિર્ભાવ જોવા મળે છે તેની સત્યતાને પ્રમાણવા પણ સામર્થ્ય જોઇએ. તીરે ઊભા તમાશો જોવાથી કંઇ નહીં મળે. જેઓ પૂ. માના આધ્યાત્મિક ઇતિહાસના સાક્ષી છે. તેઓએ અનુભવ્યું છે કે એ ઇતિહાસના પાને પાને પરમ પુરુષાર્થની પરાક્રમગાથા આલેખાયેલી છે. અહીં કંઇ મફતમાં મળ્યું નથી. આજે આપણે પૂ. માના જે સંકલ્પનું સામર્થ્ય જોઇએ છીએ કે સત્યને એ શ્રીમુખમાંથી નીકળેલા શબ્દો પાછળ દોડવું પડે છે. તેની પાછળ એ પરમ પુરુષાર્થની ગૌરવગાથા છે. છેક કિશોરાવસ્થાથી માંડીને અત્યારની ક્ષણ સુધી રાત દિવસના ભેદ ભૂલાયા છે. ખાવાપીવા કે પહેરવા ઓઢવા એક ફક્ત હરિનામ જ રહ્યું છે. એક ક્ષણ પણ સત્ય, પ્રામાણિકતા, અને કર્તવ્ય નિષ્ઠા વિનાની પસાર થઇ નથી. હરિનામ ગાવાનું અને પ્રભુપ્રેમમાં નહાવાનું આ જીવનમાં અવિરત ચાલી રહ્યું છે."

પૂ. માના તપનું વર્ણન જ શક્ય નથી. શરીરના ગુણધર્મોને પ્રભુપ્રેમથી પોષવાનો આ એક વિરલ આધ્યાત્મિક ઇતિહાસ છે. પૂ. માના જીવનની કોઇ ગતિવિધિ એવી નથી કે જે તપથી તપતી ન હોય. આ રામાયણ પારાયણ જ જુઓને! સાચા અર્થમાં તો તે પરિશ્રમની પારાયણ બની રહે છે. ભગીરથના પુરુષાર્થની ભવ્યતાના દર્શન ભાગ્યે જ નહીં પણ પ્રત્યેક ક્ષણે અહીં થતાં રહે છે. આ શરીરમાં અનાજનો કણ નથી ગયો તેને સાત સાત વર્ષોનાં વહાણાં વાઇ ગયાં છે. પણ એ શરીરમાંથી પુરુષાર્થની ભાગીરથીઓ તો વહ્યા જ કરે છે. અહીં તપમાં એક ક્ષણનો પણ આરામ નથી. પૂ. માના તપની એક વિશિષ્ટતા રહી છે કે આ તપમાં ક્યાંય પગ વાળીને બેસવાનું નથી. પૂ. માએ પ્રભુને જેટલા અંદર પ્રકટાવ્યા છે, તેટલા જ બહાર માનવ હૈયાઓમાં પણ પ્રકટાવ્યા છે. આ મા છે, મા ફક્ત પોતાનું એકલાનું જ કરીને નથી બેસી રહેતી. છોકરાઓ માટે તો પોતાનાથીય વિશેષ વેઠે છે. આ પારાયણનો ભારે પરિશ્રમ પૂ. માને ક્યાં કરવાની જરૂર છે? પરંતુ દરરોજના આઠ આઠ કલાક આ શરીરને જોતરી રાખે છે. પૂ. માનો વાકપ્રવાહ ધોધની જેમ વહે છે, પૂ. મા મોટા સાદે બોલ્યા વિના રહી શકતાં નથી, કારણ કે પૂ. માને જે કંઇ કહેવું છે તે ભારપૂર્વક કહેવું છે, સાચી લગનથી જુસ્સા સાથે કહેવું છે. એ અંતરની ઓજસ્વી વાણીમાં શક્તિ છેલ્લા કણ સુધી ખર્ચાયેલી હોય છે. આઠ આઠ દિવસ સુધી પોતાની ગોદમાં બેસાડીને છોકરાઓને રામાયણના સંસ્કારોનું પયપાન કરાવ્યું છે. મહાભારતનું યુદ્ધ તો રાત્રે વિરામ પામતું, પણ આજીવનનો જંગ તો અહર્નિશ ચાલ્યાં જ કરે છે. રાત્રે સ્વાધ્યાય પાઠો, માળા, લેખનકાર્ય, આયોજનની ચર્ચાઓ, અને પ્રભુને પ્રાર્થનાઓ કરતાં કરતાં સવારે સૂર્યોદય થતાં તો પ્રભુને એકસોપચીસ દંડવત પ્રણામ કરવાના નિયમનો કાર્યક્રમ દિવસના દૈનિક ક્રમ સાથે જોડાઇ જાય છે. પરમ પુરુષાર્થની આ યશોગાથા રચવામાં પૂ. માને રાત અને દિવસ જાણે ટૂંકા પડે છે!



પરમ પ્રેમ અને પુરુષાર્થનો પૈગામ જનસમાજને ધરવા પૂ. મા જાણે પયગમ્બર સ્વરૂપે પધાર્યા છે. ચમત્કારથી આંજવાનો અહીં કોઇ પ્રયાસ નથી, પરંતુ રાતદિવસની સાધનાનો પરમ

પુરુષાર્થ કેવા ચમત્કાર સર્જી શકે છે તેનું દર્શન આ પુરુષાર્થી જીવનમાં સહજ છે. ગંગાજી હોય કે નર્મદાજી, સાગર હોય કે હિમાલય, પવન હોય કે અગ્નિ, સૌ આ જીવનસાધનાની પવિત્રતમ વેદી પર અર્ઘ્ય અર્પણ કરવા આતુર છે.

પૂ. મા પરમશક્તિની પ્રસન્નતા માટે કોઇ સસ્તો સોદો કરવા માગતાં નથી. મરજીવા બનીને મોતી શોધવા ઝંપલાવ્યું છે. મસ્તક મૂકીને પણ મહાપદ પામવું એ અફર નિર્ણય છે. પરમપદમાં પ્રતિષ્ઠિત થવાની એ શ્રદ્ધાની ખુમારી તો જુઓ!

વિપત્તિનાં વાદળ વરસે,
વિધિનાં વિધાનો ફરકે;
તપ ને વ્રત મારાં ફળશે રે...પ્રભુજીના પંથે.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.



# શ્રદ્ધા અને વિશ્વાસ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

તુલસીકૃત રામાયણના બાલકાંડના પ્રારંભમાં શ્લોક છે :

ભવાનીશંકરૌ વંદે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ,
યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃસ્વાન્તઃસ્થમીશ્વરમ્.

સામાન્ય રીતે શ્રદ્ધા અને વિશ્વાસ શબ્દ એક જ અર્થમાં વપરાય છે પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ વચ્ચે મહત્ત્વનો સૂક્ષ્મ ભેદ છે.

ધારો કે આપણે એક નોકર રાખ્યો. આપણે એકવાર કબાટ ભૂલથી ખુલ્લું મૂકીને ચાલ્યા ગયા છતાં નોકરે ચોરી ન કરી. બીજા એક પ્રસંગે એણે ઘરમાં ખોવાઇ ગયેલી હીરાની વીંટી શોધી આપી. કેટલીક વાર ઘરમાં પત્ની એકલી હતી છતાં તેણે તેને લૂંટી ન લીધી અને ઘરમાં યુવાન પુત્રીઓ એકલી હતી છતાં તે બળાત્કાર કરી ભાગી ન ગયો. એને ઘર સોંપી આપણે બહારગામ ગયા છતાં પાછા આવ્યા ત્યારે ઘર એવું ને એવું ચોક્ખું હતું.

આમ આપણને જેમ નોકરનો વધુને વધુ અનુભવ થતો ગયો એમ આપણો એના પર વિશ્વાસ સ્થપાયો અને સતત વધતો ગયો. આમ કોઈપણ બાબત પર વિશ્વાસ માટે અનુભવની જરૂર પડે છે.

પરંતુ શ્રદ્ધા માટે આવા અનુભવની જરૂર પડતી નથી.

આપણે આત્મા, ઈશ્વર, પરલોક વગેરેનો અનુભવ કર્યા વગર પણ આપણે એમના અસ્તિત્વની જે માન્યતા ધરાવીએ છીએ તે શ્રદ્ધા કહેવાય છે. આવી જ રીતે વિવિધ દેવદેવીઓ તથા ધર્મગ્રંથોમાં આપણે શ્રદ્ધા ધરાવીએ છીએ. મૃત્યુ પછીના જીવનનો આપણને કશો જ અનુભવ નથી છતાં મૃત્યુ પછીના જીવન અથવા મોક્ષમાં આપણે શ્રદ્ધા ધરાવીએ છીએ.

શ્રદ્ધા મનુષ્યને પશુથી અલગ પાડે છે. પશુને વિશ્વાસ હોય પણ શ્રદ્ધા ન હોય.

આવી શ્રદ્ધાથી જ પરમ સત્ય સમજાય, આત્મસાક્ષાત્કાર તથા બ્રહ્મસાક્ષાત્કાર થાય.

મનુષ્યનું મન, ઇન્દ્રિયોથી મળતા જ્ઞાનનો અંત આવે ત્યારે તર્ક તથા કલ્પનાનો આશ્રય લે છે પણ ત્યાં તેનો સત્યની શોધનો અંત આવે ત્યારે શ્રદ્ધાનું ક્ષેત્ર શરૂ થાય છે. આથી જ શ્રદ્ધાને વેદાન્તમાં દેવી કલ્પવામાં આવી છે. શ્રદ્ધા સિવાય પરમ સત્ય સમજી શકાય નહીં.

શ્રદ્ધાને વધુ સમજાવવા માટે ઉપનિષદમાં ઉદ્દાલક મુનિ અને એમના પુત્ર શ્વેતકેતુની એક કથા આવેલી છે.

'આ સૃષ્ટિનું મૂળ તત્ત્વ કયું હશે?' એવો પ્રશ્ન એક સમયે શ્વેતકેતુએ પોતાના પિતા ઉદ્દાલક મુનિને પૂછ્યો.

આના જવાબમાં ઉદ્દાલક મુનિએ એની સામે વડનો ટેટો (ફળ) મુક્યો અને પૂછ્યું, 'આમાં કેટલાં બીજ છે?'

શ્વેતકેતુએ ટેટો તોડીને કહ્યું કે, 'આમાં અસંખ્ય બીજ છે.'

ઉદ્દાલક મુનિએ કહ્યું, 'હવે આ બીજને તોડીને કહે કે એમાં શું છે?'



શ્વેતકેતુએ બીજ તોડીને, જોઇને કહ્યું, 'આમાં તો કંઇ જ દેખાતું નથી.'

ઉદ્દાલક મુનિએ કહ્યું, 'એમાં અદૃશ્ય એવા અણુઓ છે જેમાંથી બીજ બને છે અને બીજમાંથી વિશાળ વટવૃક્ષ બને છે. આ શ્રદ્ધાનો વિષય છે.

આ શ્રદ્ધાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સાત્ત્વિક, રાજસી તથા તામસી એમ ત્રણ પ્રકારની કહી છે. સાત્ત્વિક શ્રદ્ધા ધરાવનારાઓ દેવોના અસ્તિત્વમાં માની એમની પૂજા કરે છે. રાજસી પ્રકૃતિના લોકો યક્ષો અને રાક્ષસોના અસ્તિત્વમાં માની એમની પૂજા કરે છે અને તામસી મનુષ્યો ભૂતપ્રેતના અસ્તિત્વમાં માની એમની પૂજા કરે છે.

શ્રદ્ધા ઉપર આપણા શારીરિક તથા માનસિક આરોગ્યનો આધાર છે. હું સાજો થઇ શકીશ જ નહીં એવી શ્રદ્ધા ધરાવનારને વિશ્વના મોટામાં મોટા ડોક્ટર પણ સાજો કરી ન શકે પણ બાવાની ભસ્મમાં સાચી શ્રદ્ધા હોય તો મહારોગ પણ મટી જાય.

ગોપીઓને શ્રીકૃષ્ણ પર શ્રદ્ધા હતી. અર્જુનને શ્રીકૃષ્ણ પર વિશ્વાસ હતો. હનુમાનજીને ભગવાન શ્રીરામચંદ્ર પર શ્રદ્ધા હતી. ભગવાન શ્રીરામચંદ્રજીને હનુમાનજી પર વિશ્વાસ હતો. માતા ઉપર શ્રદ્ધા હોય; પિતા ઉપર વિશ્વાસ હોય. આથી જ પાર્વતીને શ્રદ્ધારૂપ તથા શિવજીને વિશ્વાસરૂપ કહ્યા છે.

શ્રદ્ધાનું એક સર્વોત્તમ ઉદાહરણ રામાયણના એક પાત્ર સુતીક્ષ્ણ મુનિનું છે. ભગવાન શ્રીરામચંદ્ર વનવાસના ૧૪ વર્ષ દરમ્યાન લગભગ બાર વર્ષ સુધી સુતીક્ષ્ણ મુનિના આશ્રમને જ મુખ્ય કેન્દ્ર બનાવીને રહ્યા હતા અને ત્યાંથી વિવિધ ઋષિઓના

આશ્રમમાં દોઢથી બાર માસ સુધી વસવા ગયા છે. આટલો લાંબો સમય ભગવાન શ્રીરામચંદ્ર સુતીક્ષ્ણ મુનિના આશ્રમમાં એમની અપાર શ્રદ્ધાને કારણે જ રહ્યા છે. અને તેઓ આ આશ્રમમાં રહ્યા ત્યાં સુધી કોઇ રાક્ષસે ઉત્પાત મચાવવાની હિંમત કરી ન હતી.

વિરાધ રાક્ષસ મનુષ્યો ઉપરાંત રાક્ષસોને પણ ખાઇ જતો હતો. આવા બળવાન રાક્ષસને પણ ભગવાન શ્રીરામચંદ્રે મારી નાંખ્યો એટલે જ રાક્ષસો ભગવાન શ્રીરામચંદ્રથી ડરીને સુતીક્ષ્ણ મુનિના આશ્રમથી દૂર રહ્યા હતા.

સુતીક્ષ્ણ મુનિ જ્યારે અગસ્ત્યમુનિના શિષ્ય હતા ત્યારે અભ્યાસને અંતે ગુરુદક્ષિણા આપવા તૈયાર થયા. અગસ્ત્ય મુનિએ ગુરુદક્ષિણા લેવાની વિનયપૂર્વક ના પાડી પણ સુતીક્ષ્ણ મુનિએ અત્યંત આગ્રહ કરતાં અગસ્ત્ય મુનિએ કહ્યું, 'તમારી આવી જ હઠ હોય તો મને પરમ પુરુષનાં દર્શન કરાવો.'

અગસ્ત્ય મુનિના આશ્રમમાં સુતીક્ષ્ણ મુનિએ સાંભળેલું કે ભગવાન શ્રીરામચંદ્રજીને લઇ આવવા નીકળ્યા.

પ્રભુ આગવનુ શ્રવન સુનિ પાવા,
કરત મનોરથ આતુર ધાવા.

પણ સુતીક્ષ્ણ મુનિને ખબર ન હતી કે ભગવાન શ્રીરામચંદ્રજી વનમાં કયે સ્થળે છે તથા કેવા દેખાતા હશે !

આમ છતાં માત્ર શ્રદ્ધાને સહારે તેઓ વનમાં નીકળી પડયા. ક્યાંય માર્ગ સૂઝે નહીં તોય તેઓ આગળ વધતા રહ્યા.

દિસિ ચરુ બિદિસિ પંથ નહીં સૂઝા
કાં મૈં ચલઉ કહીં નહીં બુઝા



કબહુંક ફિરિ પાછે મુનિ જાઇ
કબહુંક નૃત્ય કરઇ ગુન ગાઇ

કાંટા અને કાંકરાથી પગ લોહીલુહાણ થઇ ગયા. ખાવા-પીવાનું ભાન પણ ન રહેવા દેહ દુર્બળ થઇ ગયો. ભગવાન શ્રીરામચંદ્ર એમની આ દશા વૃક્ષ પાછળથી જોઇ રહ્યા હતા.

સુતીક્ષ્ણ મુનિ ભૂખતરસને થાકને લીધે બેભાન થઇ ગયા ત્યારે ભગવાન શ્રીરામચંદ્ર એમને ભાનમાં લાવ્યા અને સુતીક્ષ્ણ મુનિ શ્રદ્ધાને બળે જ એમને ઓળખી ગયા તથા એમના સગુણ-સ્વરૂપની સ્તુતિ કરી. પછી તેઓ તેમને પોતાના ગુરુ અગસ્ત્ય મુનિ પાસે લઇ આવ્યા અને કહ્યું, 'લો આ પરમ પુરુષ !'

તુલસીદાસે સુતીક્ષ્ણ મુનિને જ્ઞાની–સુજાન શિષ્ય કહ્યા છે–એટલા માટે કે પરમાત્મા પ્રત્યે એમનામાં શ્રદ્ધા હતી.

એટલે યોગ, ધર્મ અને અધ્યાત્મના માર્ગમાં શ્રદ્ધા અત્યંત આવશ્યક છે. આવી શ્રદ્ધા વગરની કોઇપણ સાધના સફળ થતી નથી.

સંત પર શ્રદ્ધા ન હોય, ગુરુ પર શ્રદ્ધા ન હોય અને ધર્મ-ગ્રંથો પર શ્રદ્ધા ન હોય એવા માનવી ભૌતિક સમૃદ્ધિ અને સત્તા મેળવી શકે પણ જાળવી શકે નહીં અને એમાંથી દિવ્યશાંતિ, સુખ અને પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે નહીં. જેવી જેની શ્રદ્ધા તેવો તે થાય છે એ ગીતાવાક્યમાં શાશ્વત સત્ય છે.

## કેમ કરી મન માને

કેમ કરી મન માને? પ્રિયતમ! તવ આ બસૂરા ગાને,
વૃંદાવન મુરલી સૂર મધુરા કર્ષે લયને તાને.
કેમ કરી?

સત–સૂરજ–સ્વરૂપે તું તપતો, મધ્યાહ્નેય કલંક!
અસત ફળે, સત ચળે અવનિમાં, નિયતિ આડો અંક!
ફરતું ઋત લાગે વ્યવહારે, કો'ક અગમ બળ સાને.
કેમ કરી?

અસલ લહ્યો મેં શિવસ્વરૂપા, અશુભનો ભય કેવો?
અશિવ આજે મંગલકારી! દીઠા દુર્લભ દેવો!
વિસંવાદ વસમો જીરવવો, ગહન ગુફામાં ધ્યાને.
કેમ કરી?

સુંદરતાનો છોડ અનુપમ, મૂળે, ડાળે, પર્ણે,
મધુર–મધુરતર સદન વદન મન, ઋચા રુચિકર કર્ણે,
કુબ્જા–કલ્મિષ, મુદ્રા પેખું, કૃતક સુન્દર વાને.
કેમ કરી?

વૃંદાવન મુરલી સૂર મધુરા કર્ષે લયને તાને,
કેમ કરી મન માને? પ્રિયતમ! તવ આ બસૂરા ગાને.
કેમ કરી?

ડો. રણજિત પટેલ (અનામી)

## * સર્વ સમર્થ તમે છો *

સર્વ સમર્થ તમે છો અમને ચિન્તા શાની હોય,
ક્લેશ કષ્ટ પરિતાપ રહે કેમ વિપત્તિ કોય?
મૂંજાવાનું હોય અમારે ભૂલેચૂકે પણ કેમ?
શાંતિ સોડમાં સદા તમારી, કરો અમારું ક્ષેમ.

કૃપા તમારી વરસે એથી નથી અન્ય કો લાભ,
સદા સલામત નાવ અમારું, પડે ભલેને આભ.
સર્વ સમર્થ તમે છો અમને ચિન્તા શાની હોય,
નિરાશા વળી વેદન શાને પ્રેમ તમારો તોય?

ગુરુ તમે છો માતપિતા ને જીવનના રખવાળ,
અમી નજર જો હોય તમારી, કંપી જાયે કાળ.
પાગલ પ્રાર્થે એથી આજે આશિર્વાદ ધરો,
સર્વ સમર્થ તમે છો એવી ઉક્તિ સત્ય કરો.

યોગેશ્વરજી
(સાઇ સંગીતમાંથી)

# * અમર સંદેશ *

આજે બધા જ દેશો શાન્તિનો જપ કરે છે, પણ વાસ્તવિક રીતે જોતાં તેમનામાં અશાંતિ વધતી જાય છે. શાન્તિના જપથી કે શાન્તિની વાતો વહેતી મૂકવાથી શાન્તિ થવાની નથી, શાન્તિ માટેની પહેલી શરત એ છે કે તમે પોતે તેને માટે ખરેખર આતુર છો?

બીજી શરત એ છે કે શાન્તિ માટે સહકાર કરવા આતુર છો ખરા? વિશ્વમાં શાન્તિ સ્થાપવા માટે રાષ્ટ્રભાવની સીમાઓ ઉલંગી માનવ માનવ વચ્ચે પ્રેમ, સુખ ને આબાદી થાય એવું તમે ખરેખર ઇચ્છો છો ખરા? આ માટે વિશ્વના દેશોએ એકમેક સાથે સહકાર સાધવો પડશે. વિશ્વને એક કુટુંબ માનીને એકમેકની પડખે ઊભા રહેવું પડશે ને સર્વે દેશોની ઉન્નતિ ને આઝાદી માટે મદદરૂપ થવું પડશે. રોટી, વસ્ત્ર તેમ જ આવાસની દૃષ્ટિએ સર્વ દેશો સુખી થાય તે દરેકે જોવું પડશે. ને આ ભૌતિક ઉત્કર્ષની સાથે સાથે માનવીના મનને સત્યમય, પ્રેમમય ને સેવામય બનાવી આધ્યાત્મિક માર્ગે વાળવું પડશે.

આધ્યાત્મિક મૂલ્યોના આદર વિના કેવળ ભૈતિક ઉત્કર્ષને લીધે જગતમાં કાયમી શાંતિ થઇ શકશે નહીં. શાંતિ માટે માનવના મન ને હૃદયને પલટાવવાની ને કેળવવાની પણ જરૂર છે. ધિક્કાર, પારસ્પરિક ભેદભાવ ને દમન જ્યાં સુધી માનવ આત્માને પંગુ બનાવીને સર્વસત્તાધીશ થઇ બેઠું હશે, ત્યાં લગી શાંતિનું સ્વપ્ન સફળ થવાનું નથી. નીતિ ને ધર્મમય જીવનનો સ્વીકાર કરી જીવનને પરોપકારમય બનાવવાની જરૂર છે, ને આત્મજ્ઞાનના અભેદ સિદ્ધાંતો સમજી માનવ માનવ જ નહિ, પરંતુ જીવમાત્રની શાંતિ, સેવા ને કલ્યાણની શ્રદ્ધાને અચલ કરવાની છે. આધ્યાત્મિક તાકાતની આસપાસ ઊભેલી ભૌતિકતા જ માનવ તેમ જ જગતને સાચું સુખ આપી શકે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.